ॐ

મા

ॐ




ॐ

મા

ॐ

# આધ્યાત્મિક કેડી

તંત્રી - સંપાદક : **કૈલાસબહેન એન. પરીખ**

**ॐ ભૂર્ભુવઃ સ્વઃ ॐ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યોનઃ પ્રચોદયાત્ ॐ ।।**

(વર્ષ ૨૦) ઓક્ટોબર - ૨૦૦૧ (અંક ૨)

॥ ॐ મા ॐ ॥ ॥ જય ગાયત્રી મા ॥ ॥ ॐ મા ॐ ॥

વર્ષ : ૨૦
અંક : ૨

# આધ્યાત્મિક કેડી

ઓક્ટોબર
૨૦૦૧

શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ : અમદાવાદ-૩૮૦૦૧૫.



## અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પાન નં. |
|---|---|---|
| ૧. | ઉત્સવનો અહેવાલ | ૧ |
| ૨. | પ્રેમનો પુકાર (માનવતાદિન) | ૩ |
| ૩. | હૃદયનાં સ્પંદનો | ૫ |
| ૪. | માતાજી બાવીસ મીનીટ રોકાયા | ૬ |
| ૫. | ભક્ત બાળકોની ભાવોર્મિ | ૭ |
| ૬. | પ.પૂ. સદગુરુદેવનો ૭૦મો જન્મ દિવસ | ૯ |
| ૭. | સેવાનાં સીમાડાઓને પુષ્ટ કરો | ૧૦ |
| ૮. | ગુરૂપુર્ણિમા | ૧૧ |
| ૯. | જીવન સરીતાનાં પ્રવાહને આનંદ સાગરમાં વહાવો | ૧૧ |
| ૧૦. | સાત્વિક સૃષ્ટિ નિર્માણમાં આપનું યોગદાન | ૧૪ |
| ૧૧. | રામનવમી | ૧૫ |
| ૧૨. | જન્મદિન મુબારકબાદી-જન્માષ્ટમી | ૧૭ |
| ૧૩. | હિમાલયમાં ધરતીકંપ નિવારણ વિધિ | ૧૮ |
| ૧૪. | શાપિત હવેલી - પ્રેતાત્મા મુક્તિ | ૧૯ |
| ૧૫. | મૃત્યુ અનિવાર્ય છે. | ૨૦ |
| ૧૬. | પ્રશ્નોત્તર | ૨૧ |
| ૧૭. | મુક્તિ મહાદાન | ૨૫ |
| ૧૮. | નીલોષા તીર્થ | ૩૧ |
| ૧૯. | સમાચાર | ટાઈટલ-૩ |
| ૨૦. | નૂતનવર્ષાભિનંદન | ટાઈટલ-૪ |


ॐ મા ॐ

વાર્ષિક લવાજમ
રૂપિયા વીસ (૨૦/-)

卐

પ્રકાશક
શ્રી કૈલાસબ્હેન એન. પરીખ,
**શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ,**
'નીલોષા' બંગલો,
ત્રિમૂર્તિ સોસાયટી,
ગવર્નમેન્ટ પાંચ બંગલા પાસે,
ગુલબાઈ ટેકરા,
અમદાવાદ-૩૮૦૦૧૫.

visit us at :
**www.rajyoginarendrji.com**

દ્વિ વાર્ષિક અંક એપ્રિલ અને ઓક્ટોબર

**આધ્યાત્મિક કેડી : ઓક્ટોબર - ૨૦૦૧** - R.N. 38405/82

**મુદ્રક : ગાયત્રી ટ્રેડર્સ** - રાધાવલ્લભજીના મંદિર પાસે, જવાહરચોક, મણિનગર, અમદાવાદ-૮. ફોન નં. : ૫૪૬૮૧૨૦

# ૧ ઉત્સવનો અહેવાલ

સપ્ટેમ્બર મહિનાની શરૂઆતથી જ આનંદ, ઉત્સાહ અને આતુરતાથી ભાવિકોની, ઉત્સુકોની શ્રધ્ધા નિલોષા તરફ મીટ મંડાય છે, ડગ મંડાય છે. સેવાદિન, માનવતાદિનની સાથે પૂજ્ય વ્હાલા ગુરૂદેવના જન્મદિનને માણવા અને મા-બાળના દિવ્ય વાત્સલ્યની મીઠી ગોષ્ઠિ સાંભળવા સહુ અધીરા બની જાય છે. સમગ્ર વાતાવરણમાં એક દિવ્ય ચેતના, દિવ્ય સુવાસ વ્યાપી રહે છે.

શ્રધ્ધામાં સંત બાળ પૂજ્ય રાજયોગીજીના જન્મદિવસે પરમશક્તિ મા ભગવતી મમતાનો પાલવ પ્રસરાવવા, વાત્સલ્યની વર્ષા કરવા, મીઠી ગોષ્ઠિ કરવા તેમજ કાર્યયજ્ઞ વિષે માર્ગદર્શન આપવા પચીસ ત્રીસ વર્ષની યુવતીનું સાકારરૂપ ધારણ કરી પધારે છે.

નિલોષામાં ચોથી સપ્ટેમ્બર સેવાદિન તરીકે ઉજવાય છે. કાર્યયજ્ઞનો મંગલ પ્રારંભ ૧૯૭૯ માં થયો હતો. આજે ૨૩ માં વર્ષમાં કાર્યયજ્ઞનું પદાર્પણ થયું. માતાજીએ પાંચ બદામની પ્રસાદી મંદિર પાસેના ટેબલ પર રાખેલી અગરબત્તીની થાળીમાં પધરાવી હતી.

સાતમી સપ્ટેમ્બર પૂજ્ય ગુરૂદેવનો જન્મદિવસ માનવતાના વહેણમાં જીવનનાવને પૂજ્યશ્રી મા ભગવતીની પ્રેરણા અને માર્ગદર્શનથી વહાવી રહ્યા છે. વિશ્વમાં માનવતાના મૂલ્યોને પ્રસરાવવાની મહેચ્છા સાથે આ દિવસને માનવતાદિન તરીકે અંકીત કરવામાં આવ્યો છે.

ચોથી સપ્ટેમ્બર સેવાદિનના ઉત્સવની ઉજવણી માટે નિલોષાનું સમગ્ર વાતાવરણ આનંદ અને ઉત્સાહથી ઓપતું હતું. દેશ વિદેશના શ્રધ્ધાળુ ભાવિકો ઉત્સવને માણવા પધારી રહ્યા હતા. સવારે અગિયાર વાગે પૂજ્યશ્રીની પધરામણી નિલોષા દ્વારે થતાંજ, નિલોષા દંપત્તિ સાથે ઉપસ્થિત સર્વે ભક્તોએ પૂજ્યશ્રીનું અભિવાદન કર્યું, જયનાદ કર્યો, છડી પોકારી, પ્રસાદમાં ખીચડી, કઢી, શાક, બુંદીના લાડુ, સૂકોમેવો, મુખવાસ, ગ્લાસમાં દૂધ અને જળ, મા ભગવતીના સત્કાર માટે મુલાકાતની રૂમમાં પધરાવ્યાં હતાં. માતાજી આજે તો એમના કાર્યાલય નિલોષાની મુલાકાત લેશેજ એવી દૃઢ શ્રધ્ધા સહુને હતીજ. અને...અને...માતાજીએ પ્રસાદ આરોગ્યાના એંધાણ વરતાયાં. પૂજ્ય ગુરૂદેવે માતાજીના બે મૃદુ હસ્ત પ્રસાદની વાનગીઓ પર ફરતા જોયા. ઉપસ્થિત બધાજ ભક્તોએ પ્રસાદ આરોગ્યો, આજે પૂજ્યશ્રીની મુલાકાતમાં વ્યક્તિગત દુઃખને ઠાલવવાને બદલે સુખને, આનંદને માણવાનો અને આશીર્વાદ મેળવવાનો ક્રમ રાખવામાં આવ્યો હતો, લગભગ ત્રણસો ભાવિકોએ નિલોષાના સેવાદિનના ઉત્સવને માણ્યો.

સાંજે ત્રણ વાગે કેટલાક ભાવિક ભક્તોએ પોતાની ભાવોર્મિઓ રજૂ કરી. પૂજ્યશ્રીએ સેવાયજ્ઞના સાથીદારોને સેવાના સીમાડાઓ વધારવાની, પ્રેમ અને પ્રસન્નતાથી તેને પુષ્ટ કરવાની શીખ આપી, નિષ્કામ ભાવે સેવા કરશો તો કર્મ બંધનથી બચી શકશો. સેવાના ક્ષેત્રમાં વહાલાં દવલાંનો ભેદભાવ ન રાખશો. નિજી સ્વાર્થને વટાવવાનો પ્રયત્ન ન કરશો.

પાંચમી સપ્ટેમ્બરે સવારે નવ ને સાત મિનિટે પ્રકાશના ઝબકારા સાથે શ્રધ્ધામાં પૂજ્યશ્રીની રૂમમાં માતાજી પ્રગટ થયાં. માતૃ વાત્સલ્યની વર્ષા કરી, મા અને બાળ એક બીજામાં ખોવાઇ ગયાં. માતાજીએ

કાર્યયજ્ઞ વિષે સરળ છતાં ગંભીર વાતો કરી અને માર્ગદર્શન આપ્યું. સીત્તેર વર્ષના નિજ બાળને આશીષ આપતાં સીત્તેર બદામનો પ્રસાદ આપ્યો. દિવ્ય સુવાસ અને આનંદમય, દિવ્ય વાતાવરણ માતાજીની પ્રત્યક્ષ ઉપસ્થિતિનો અહેસાસ કરાવતાં હતાં.

છઠ્ઠી તારીખે રાતે પલંગમાં ગુરૂદેવના વાંસામાં માવડીનો મૃદુ હસ્ત ફરી રહ્યાની અનુભૂતિ પૂજ્યશ્રીને થઇ હતી. સાંજે સાડા સાત વાગે કુટીરમાં ભજનનો પ્રોગ્રામ ચાલતો હતો ત્યારે પૂજ્યશ્રીએ આંતરદૃષ્ટિથી માતાજીના બે મૃદુ હસ્ત તેમની રૂમમાં કબાટના ડ્રોઅરમાં કંઇક પધરાવતાં નિહાળ્યાં. પૂજ્યશ્રીની રૂમમાં માતાજીના ફોટા પર પાંચ બદામ પધરાવી હતી. સાંજે ભાવિક બ્હેનોએ સુંદર અર્થસભર ભાવગીત અને લોકગીત નૃત્યસહ રજૂ કરી આનંદ અને નિર્દોષ રમૂજનું વાતાવરણ ખડું કર્યું હતું.

સાતમી સપ્ટેમ્બરે સવારે બાથરૂમમાં પૂજ્યશ્રી તૈયાર થતા હતા ત્યારે તેમના વાસાંમાં વ્હાલપની બે ટપલી મારી માતાજીએ બાળને વ્હાલપની વર્ષામાં ભીંજવી દીધો. આજના શુભદિને માનવતાદિન અને પૂજ્ય ગુરૂદેવના જન્મદિવસના મહોત્સવમાં સામેલ થવા પી. જી. મહેતા હોલમાં ભાવિકોની ભીડ જામી હતી. વ્હાલા ગુરૂદેવની અમીદૃષ્ટિ, ચરણવંદના અને અધરામૃતનું રસપાન કરી ધન્યતા અનુભવવાની ઉત્સુકતા દરેક ભાવિક ભક્તના મુખ પર વર્તાતી હતી. સરળ છતાં સરસ રીતે ચાર કલાક સુધી દર્શનનો પ્રવાહ ચાલતો રહ્યો. ભાવિક ભક્તોએ પ્રેમથી ખીચડી, કઢી, શાક અને મોહનથાળનો પ્રસાદ લઇ તૃપ્તિ અનુભવી.

સાંજે ત્રણ વાગે પરિવાર સાથે પૂજ્યશ્રી પુનઃ હોલમાં પધાર્યા. ભાવભીના ભક્તોથી હોલ ભરાઇ ગયો હતો. ભક્તોની ભાવોર્મિઓ ગદ્ય અને પદ્યમાં રજૂ થઇ. પૂજ્ય ગુરૂદેવે તેમની અમૃતવાણીમાં પ્રેમના પુકારની વાતો કરી. પ્રેમ અને માયાવી મોહનો ભેદ સમજાવ્યો. અહમને શૂન્ય કરી, પ્રેમ અને પ્રસન્નતાને જીવનમાં પ્રાધાન્ય આપીશું, તો પરમાત્માના પ્રદેશમાં પ્રવેશવાની પાત્રતા આપણે કેળવી શકીશું.

પૂજ્યશ્રીના ભાવિક ભક્ત મીસ્ત્રીદાદાના પરિવારના અગિયાર સભ્યોએ પૂજ્યશ્રીને અનોખા, નિર્દોષ છતાં રમૂજ ભર્યા બાળ ભાવે નાના નાના ભૂલકાંઓનો ભાવ પ્રદર્શિત કરતાં મહોરાં પહેરી, પીપુડા વગાડતાં, જન્મદિનના વધામણાં આપવા નાચતા, કૂદતા, હેપી બર્થડેના નારા ગજાવતા હોલમાંથી પૂજ્યશ્રી સમક્ષ આવ્યાં. પૂજ્યશ્રી ગુરૂદેવને અર્થસભર, પ્રાર્થના યુક્ત બાળસહજ નિર્દોષ ભાવ પ્રદર્શિત કરતું એક કાર્ડ અને ચોકલેટની બાસ્કેટ અર્પણ કરી. આ ચોકલેટ હોલમાં હાજર બધાજ ભાવિકોને પ્રસાદ તરીકે આપવામાં આવી. કાર્ડમાં અગિયાર ભૂલકાંઓનાં ચિત્ર છે અને દરેક બાળકે સામૂહિક ભાવથી જુદી જુદી પ્રાર્થનાઓ, ભાવનાઓ, કાકલુદીઓ અને નર્યો નિર્દોષ, નિઃસ્વાર્થ પ્રેમ વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમની પૂર્ણાહૂતિ મંત્રજાપ, આરતી અને નવસૂત્રોના પઠનથી કરવામાં આવી.

રાતે આઠ વાગે શ્રધ્ધા કુટીરમાં પૂજ્ય ગુરૂદેવના પરિવારના સભ્યોએ જન્મદિનની ઉજવણી કરી. નૃત્ય, ગાન, ગાતાં ગાતાં પૂજ્યશ્રીનું અભિવાદન કર્યું પૂજ્યશ્રીએ દીપ પ્રગટાવી દરેકના આત્મદીપને વધુ પ્રજ્વલિત કર્યો. મીઠાઇ વહેંચાઇ, રાગ, રાગિણી, ભજન, ગીતોની રમઝટ સાથે જન્મદિન ઉત્સવની પૂર્ણાહૂતિ કરવામાં આવી.

પૂ. રાજયોગી નરેન્દ્રજી તા. ૭-૯-૨૦૦૧

## માનવતાદિન

ગાયત્રી માતાના વહાલાં બાળકો,

આજે માનવતાદિન છે. આજે મારા ભૌતિક શરીરે સીત્તેરમાં વર્ષમાં પદાર્પણ કર્યું છે. માતાજીનો મમતાળુ, વાત્સલ્ય સભર, પ્રેમ નીતરતો સ્પર્શ મારા અણુએ અણુને નવપલ્લવિત કરી દે છે.

માતાજીનો અને મારો ભવોભવનો નાતો છે. અમારૂં સગપણ પ્રેમનું સગપણ છે. અને એટલા માટેજ દુન્યવી સબંધોથી પર આત્માની સગાઇ છે અને એટલા માટે જ મા ભગવતી મારા માટે સર્વોપરી, સર્વસ્વ છે. સબસે ઉંચી પ્રેમ સગાઇ આ દિવ્ય પરમશક્તિ મા ભગવતી સાથે મારી છે, કદાચ એટલે જ દુન્યવી, સંસારી સબંધો સાથે મારો મેળ જામતો નથી.

માતાજીના પ્રત્યક્ષ મિલનની રાહ જોવામાં મને આનંદ આવે છે. ૧૯૭૬ માં સપ્ટેમ્બરની પાંચમી તારીખની મધરાતે માતાજીનો પ્રથમ સાકાર સ્વરૂપે મેળાપ થયો ત્યારથીજ પ્રતિવર્ષે આજ દિવસોમાં સપ્ટેમ્બર ચારથી સાત તારીખ સુધીમાં મન માના મિલાપ માટે તલસી રહે છે. મન અધીરૂં બની જાય છે. વિચારોના વમળો મનમાં રચાયા કરે છે. માતાજીના મિલનના વિચારોમાં જ મનને વ્યસ્ત રાખવાનું મને ગમે છે. દિવ્ય પાગલ પ્રેમમાં હું ખોવાઇ જાઉં છું.

અને...અને માતાજીની મમતા સાકાર સ્વરૂપ ધારણ કરી મને વાત્સલ્યથી ભીંજવી દે છે. પ્રેમમાં હું જ અધીરો બની જાઉં છું તેમ નથી, દિવ્ય માની પણ એટલી જ અધીરાઇ વર્તાય છે. અમે એકબીજામાં ખોવાઇ જઇએ છીએ. ભક્ત અને ભગવાનનું મિલન. મા અને બાળનું મિલન, સ્વર્ગીય સુખનો આનંદ આપતું એ મિલન કેટલું મીઠું, અમૃતમય હતું. મિલનની અવધિ પૂરી થાય છે અને પાછાં મીઠાં સંસ્મરણો, વાગોળવાનો સમય શરૂ થઇ જાય છે.

ઇશ્વરને પોતાના ઇષ્ટના રૂપમાં ઓળખ્યા પછીજ ભક્ત પરમના અસ્તિત્વનો અનુભવ કરવા લાગે છે. ઇશ્વરની શક્તિનો આર્વિભાવ પોતાનામાં થતો અનુભવે છે. ઇશ્વરની ઇચ્છાને સર્વોપરી ગણવા પ્રેરાય છે. સૃષ્ટિ નિયંતા સ્વયમ્ પરમાત્મા જ છે. જડ ચેતન સર્વમાં તે વ્યાપ્ત છે તેવી દ્રઢતા સાથે ભક્તમાં સમત્વનો ભાવ કેળવાતો જાય છે.

કુટુંબ, સમાજ, રાષ્ટ્ર અને વિશ્વની સુખ શાંતિ માટે સમત્વનો ભાવ પ્રત્યેક વ્યક્તિમાં પ્રગટે તેવી સાંપ્રત સમયની માંગ છે. ભિન્ન ભિન્ન વિચાર સરણી ધરાવતી વ્યક્તિઓમાં પરમાત્માના અસ્તિત્વનો અહેસાસ થવો પણ શક્ય નથી, છતાં પણ પરમાત્મા સર્વવ્યાપક, સર્વશક્તિમાન અને સર્વત્ર વિલસી રહ્યા છે. એ હકીકતને નકારી શકાય પણ નહિ. સૃષ્ટિના સર્જન સંવર્ધન અને વિસર્જનનું કાર્ય દુનિયાની કોઇપણ વ્યક્તિ કરી શકવા સમર્થ નથી. વિજ્ઞાનની શક્તિ ઘણી જ વામણી પૂરવાર થાય. આજના વિજ્ઞાનીઓ કુદરતની, પરમાત્માની શક્તિનો આંબવાનો પ્રયત્ન કરી રહ્યા છે પરંતુ એ તો એક પ્રયાસ માત્ર જ કહી શકાય. આપણા પૂર્વજો, ઋષિ મુનિઓ પણ વિજ્ઞાનીઓ જ હતા, પરંતુ તેમનું વિજ્ઞાન અને વિશ્વના રહસ્યોની ખોજ પરમાત્માની શક્તિ, પ્રેરણા અને કૃપા પર જ અવલંબિત રહેતી.

ભૂતકાળમાં કંઇ કેટલા નામી અનામી મહાનુભાવોને પરમાત્માની પ્રેરણા મળતી, પ્રત્યક્ષ કે પરોક્ષ અનુભવ, સાક્ષાત્કાર થયો છે, અને જગતની સેવામાં સમર્પિત થયા છે. વર્તમાન સમયમાં પણ કેટલાય સંતો, ફિરસ્તાઓ, બ્રહ્મજ્ઞાની આત્માઓને પરમાત્માના પોતાના ઇષ્ટના રૂપમાં દર્શન થાય છે, પરમના પ્રસાદ, સહાય, માર્ગદર્શનનો અનુભવ થતો રહે છે.

સંતો, સાચા ભક્તો પાસે પરમાત્માને ચરણે ધરવા માટે શું હોય છે. પરમાત્માને તેના બાળકો પાસેથી શું જોઈએ છે? પરમાત્માને જોઇએ છે તમારા પ્રેમનો પુકાર, પ્રેમનો સાદ. તમે સાદ કરો અને પ્રતિસાદ રૂપે તમારા પર પ્રેમનો વરસાદ વરસાવશે. દ્રૌપદીએ સાદ કર્યો અને કૃષ્ણ ભગવાને ચીરનો વરસાદ વરસાવ્યો. નરસિંહ મહેતાએ કેદાર છેડયો અને ઘનશ્યામે પ્રેમનો વરસાદ વરસાવ્યો. અને અનેક સંસારી સમસ્યાઓમાં સહાય કરી. શબરીએ સાદ કર્યો અને રામજી તેની મઢૂલી શોધતા તેના આંગણે પહોંચ્યા. પરમાત્માને તેના બાળકો પાસેથી નિઃસ્વાર્થ, નિર્મળ પ્રેમ જોઇએ છે. પ્રેમનો ભાવ પરમાત્મા તેના ભક્તોની આંખોમાં જ વાંચી લે છે. પ્રેમમાં ભાષા પ્રદર્શિત કરવાની નથી હોતી, ફક્ત ભાવ જ પ્રદર્શિત થઇ જાય છે. ભાવ પ્રદર્શિત કરવા કોઇ આયાસની જરૂર પડતી નથી. વિધિ વિધાન, ભૌતિક ભેટસોગાદ ભાવ પ્રદર્શિત કરવાનું અશાશ્વત, ક્ષણિક સાધન માત્ર જ છે. જે સમયના વહેણમાં ભૂલાઇ જાય છે. ભૂંસાઇ જાય છે, તણાઇ જાય છે. નાશ પામે છે. પ્રેમ એક એવો ભાવ છે જે હૃદયમાં જ સ્થાન ગ્રહણ કરી શકે છે, અને આનંદના અશ્રુબિંદુઓ દ્વારા પ્રગટ કરી શકાય છે.

પ્રેમ એ તો જીવન છે. જીવનનો પ્રાણ વાયુ છે. પ્રેમ વગર જીવન મૂરઝાઇ જાય છે. પ્રેમ વ્યક્તિનો મોટામાં મોટો સદ્‌ગુણ છે. પ્રેમ પરમાત્માનું સ્વરૂપ છે. પ્રેમથી પાષાણને પણ પીગળાવી શકાય છે. ઇશ્વરનો સાક્ષાત્કાર કરવાનો સરળ રસ્તો પ્રેમ છે. વ્રજની ગોપીઓએ પ્રેમમાર્ગ દ્વારા જ કૃષ્ણના હૃદયમાં સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

પ્રેમ અને મોહમાં ભેદ છે. મોહ માયામાંથી જન્મે છે અને તેનું સ્વરૂપ, માત્રા, મનના તરંગોની જેમ વિકસે છે અને નાશ પામે છે. મોહ ક્ષણિક અશાશ્વત છે. મોહમાં, સ્નેહમાં આપવાની સાથે લેવાનો, પાછું મેળવવાનો ભાવ છુપાયેલો રહે છે. મોહમાં સ્વાર્થ ભળેલો હોય છે. તેથી સંસારી સંબંધોમાં કટુતા, દુશ્મનાવટ, વેરઝેર પ્રવેશી શકે છે. પ્રેમમાં તો ફક્ત આપવાનો, ન્યોછાવર થવાનો ભાવ છે નિઃસ્વાર્થ, નિર્મળ પ્રેમ એક અવિરત વહેતી ધારા છે જે પરમાત્માના હૃદય સિંહાસન પર રાધા બનીને વિરાજી શકે છે.

સાંપ્રત સમયમાં પ્રેમ શબ્દનું અવમૂલ્યન કરવામાં આવી રહ્યું છે. સ્વાર્થી કામુક સબંધોને પ્રેમમાં ખપાવવામાં આવી રહ્યા છે. જે ખરેખર દુઃખની વાત છે. પ્રેમને શરીર સાથે કોઇ જ સબંધ નથી. પ્રેમનો તંતુ હૃદય સાથે જોડાય ત્યારે જ તેમાંથી આત્મિયતા, ઐક્યતા પ્રગટે છે, ગુરૂશિષ્ય વચ્ચેનો પ્રેમ, ભક્તનો ભગવાન પ્રત્યેનો પ્રેમ એ ન્યોચ્છાવરી છે. અદ્વૈત ભાવ છે. પ્રેમ એક સંગીત છે જે સદાય આનંદ, શાંતિ અને સુખનો અનુભવ કરાવી શકે. ઋષિ મુનિઓના આશ્રમોમાં પ્રેમનું એક સામ્રાજ્ય છવાયેલું રહેતું. નિર્દોષ, નિર્મળ, શાંત અને પવિત્ર વાતાવરણમાં પશુ-પક્ષીઓ પોતાનો સહજ જાતિય સ્વભાવ, ક્રૂરતા ત્યજીને ભાઇચારાથી સાથે જ હરતા ફરતા અને ચરતા. આજે પણ સંતો સદ્‌ગુરૂઓ પાસે પવિત્ર પ્રેમની ગંગા અવિરતપણે વહેતી જ રહે છે. વિવિધ વિચારસરણી સ્વભાવ, દુર્વૃત્તિઓ વાળી વિવિધ વ્યક્તિઓ સંતની સદ્‌ગુરૂની પ્રેમ ગંગાના વહેણમાં સાથે જ ડૂબકી મારવા આવે છે, પોતાની બૂરાઇઓ ધોવે છે,

સદ્‌વૃત્તિઓને પોષે છે. સંસારની સમસ્યાઓમાં માર્ગદર્શન મેળવે છે, શાંતિ મેળવે છે. સંતની પ્રેમ નીતરતી દૃષ્ટિ અને આશીષની વર્ષા તેના રોમેરોમને પુલકિત કરી દે છે. તેના વ્યક્તિત્વમાં સાત્વિક પરિવર્તન લાવી શકે છે. સાચો પ્રેમ સંતના સાંનિધ્યમાં જ પ્રાપ્ય કરી શકાય જ્યાં ઉદારતા, દયા, સેવા અને સદ્‌ભાવનાનું જ સામ્રાજ્ય હોય છે. આપણે સહુ પરમાત્માના, મા ભગવતીના સાચા પ્રેમી ભક્ત બનીએ, પરમની સૃષ્ટિના પ્રત્યેક જડ ચેતન સર્જનમાં પરમાત્મા સ્વયમ્ સાકારરૂપે વિદ્યમાન છે તેવો ભાવ કેળવી, આપણો નિઃસ્વાર્થ, સાત્વિક પ્રેમ ન્યોછાવર કરીએ. કોઇનાય પ્રતિ રાગ દ્વેષ, ઇર્ષ્યા, ક્રોધ, કામુકતા નિંદાનો ભાવ ન રાખીએ તો પરમાત્માના પ્રેમની કૃપાની વર્ષા આપણા પર સતત વરસતી રહે.

તમારાથી કદાચ દરરોજ તમારા ઇષ્ટદેવની છબીની, મૂર્તિની સેવા, પૂજા, અર્ચન કરવાનું ચૂકી જવાય તો પરમાત્મા તમને ક્ષમા આપશે પરંતુ તેની પ્યારી સૃષ્ટિના પ્રત્યેક સર્જનને અવગણવાનું પરમાત્માને પસંદ નહિં પડે.

પરમાત્મા કદાચ આપણા ઇષ્ટના સ્વરૂપમાં આપણને દર્શનનો લાભ ન આપી શકે પરંતુ તેના સર્જનના દર્શનનો લાભ તો આપણને હરપળે મળતો જ રહે છે. જરૂર છે ફક્ત આપણી દૃષ્ટિ, સમજ અને સ્વભાવ કેળવવાની. અહમ્‌ને શૂન્ય કરી પ્રેમ અને પ્રસન્નતાને વિકસાવીશું તો પરમાત્માના પ્રદેશમાં આપણે કાયમ વાસ કરી શકીશું સંસારમાં મોહ માયાની સગાઇ તોડો અને પ્રેમની જ સગાઇ બાંધો.

**મારા આપ સર્વેને આશીર્વાદ છે.**

ૐ મા ૐ

## 3 હૃદયનાં સ્પંદનો

*રાજયોગી નરેન્દ્રજી* *તા. ૭-૯-૨૦૦૧*

*૧. હૃદયના સ્પંદનો વહે નદી રૂપે, સંગમ સાગર માંહી.*
*નદીને સાગરનો સંગમ, પ્રેમ સદાય ભરતીમાં રહે.*

*૨ આંખોના રસ્તાપરે તવ ઇંતેજાર હતો, દીપકની માફક હૃદય બળતું રહ્યું*
*આંખમાં એથી તો અજવાળું હતું, અજવાળામાં કંડારી છબી આપની. (માતની)*

*3 કાંટા ખૂંચે એનું દુઃખ નથી,*
*સંતોષ હાથમાં સાચું ગુલાબ છે.*

*૪. મારા જીવનની સઘળી જરૂરત તમે જ છો, લાગી રહી છે માત તમારી અછત મને*
*દિલમાં વસાવી રાખ્યાં તમોને મેં એટલે, કરૂં પુકાર હાજર તમે છો.*

*૫. જીવી રહ્યો રાત દિવસ તમારા ઇંતેજારમાં, ન નિહાળું ફેર સંધ્યા કે સવારમાં.*

*૬. પૂછી રહ્યાં છે સૌ, શાનું દર્દ છે?*
*કેવી રીતે કહું કે, પ્રેમનું દર્દ છે.*

*૭. બહાર તમે પ્રેમનો ઉત્સવ ઉજવો, પરંતુ મજા ક્યારે આવે*
*તમારા હૃદય મંદિરમાં પ્રેમનો મહોત્સવ, ઉજવો ત્યારે જ.*

અવધૂત, અવધૂતી, આનંદની, પ્રેમની છોળો અત્ર તત્ર સર્વત્ર ચારે દિશાઓમાં રેલાવતો ચાલ્યો જાય છે. પ્રેમનો ઉત્સવ બહારનો નહિં પરંતુ તમારા હૃદય સિંહાસનમાં પ્રેમનો મહોત્સવ ઉજવાવવો,

જોઇએ, અને ત્યારે જ પ્રેમની પરાકાષ્ટા આવી પહોંચે.

**મૈં તુમમે સમા જાઉં**
**તુમ મુજમે સમા જાઓ.**

પ્રેમના અગોચર, અનન્ય અને અસીમ ભાવથી તો આપ સર્વે અત્રે કામકાજનો દિવસ હોવા છતાં આવ્યાં છો. આપે નથી આમંત્રણ કે આવકારની પણ અપેક્ષા રાખી તે શું સૂચવે છે? દેશના ખૂણે ખૂણેથી વિદેશથી ભક્તો, ચાહકો આવી ગયા છે તે શા માટે? કોના માટે? મારા માટે? ના, ના, આપ સર્વેની ઉપસ્થિત પાછળ કોઇ અગોચર સંકેત છૂપાયેલો હશે. વળી આપનાં સંચિત સાત્વિક કર્મો હશે તેથીજ માતાજી એ આપ સર્વેને મા બાળનું વાત્સલ્ય નીરખવા, અનુભવવા માટે પ્રેરણા કરી હશે.

ૐ મા ૐ

## ૪ માતાજી બાવીસ મીનીટ રોકાયા

*તા. ૫-૯-૨૦૦૧ બુધવાર*

તા. ૫-૯-૨૦૦૧ બુધવારે સવારે ૯ વાગે રૂમનો દરવાજો બંધ રાખીને હું પલંગમાં મારા પૂજાકાર્યમાં વ્યસ્ત હતો. એકાએક એરકન્ડીશનની ઉપરની બારી તેની જાતે જ બંધ થઇ ગઇ, એટલે માતાજી પધારશે જ એમ વિચારી મારૂં કાર્ય આટોપી માતાજીના આગમનની રાહ જોતો હું પલંગમાં બેઠો હતો. એરકન્ડીશન એની જાતે જ ચાલુ થઇ ગયું. બરાબર ૯-૦૭ મીનીટે સોફાના એક છેડે પ્રકાશનો એક ઝબકારો થયો અને માતાજી પ્રત્યક્ષ પ્રગટ થયાં. હર્ષભેર દોડીને હું માતાજીના ચરણમાં ઘુંટણ પર માથું ટેકવીને જમીન પર બેસી ગયો. માતાજીએ મારો હાથ પકડીને મને સોફામાં તેમની બાજુમાં બેસાડ્યો, અને મારા વાંસા પર હાથ પસરાવી, દબાવી, વાત્સલ્યની વર્ષા કરી, મા બાળની હાસ્ય વિનોદની અભિવ્યક્તિ થઇ, માતાજીએ હળવાશથી છતાં ગંભીર રીતે સેવાયજ્ઞની કંઇ કેટલીયે વાતો કરી અને માર્ગદર્શન આપ્યું.

સોફામાં બેઠાં બેઠાં જ એક હાથ મારા વાંસા પર પસરાવતાં વ્હાલ કરતાં બીજા હાથે બાજુમાં રાખેલા ટેબલ પર બદામ પધરાવી. વાત્સલ્યની મીઠાશ માણતો હું ભાવવિભોર દશામાં આંખો બંધ રાખીને બેઠો હતો માતાજીનો હસ્ત ફરતો બંધ થઇ ગયો એટલે મારી ભાવ દશા તૂટી અને માતાજી અદૃષ્ય થઇ ગયાં હતાં. ઘડિયાળનો કાંટો નવ અને ઓગણત્રીસ મીનીટ બતાવતો હતો. માતાજી બાવીસ મીનીટ રોકાયાં હતાં.

વાત્સલ્યની મીઠાશને માણતો અને સેવાયજ્ઞની વાતો અને માતાજીના માર્ગદર્શનને વાગોળતો ક્યાંક સુધી હું બેસી રહ્યો. પછી કળ વળતાં ઘરના સભ્યોને માતાજીના પધારવાની જાણ કરી. અને આનંદના સહભાગી બનાવ્યાં.

માતાજીએ લાલ રંગની સાદી સિલ્કની સાડી ભારતીય ઢબે પરિધાન કરી હતી. વાળ છુટા હતા આછા આભૂષણો પહેર્યા હતા. વય ૨૫-૩૦ વર્ષનું લાગતું હતું. રૂમનું સમગ્ર વાતાવરણ મીઠી મીઠી સુવાસથી ભર્યું ભર્યું લાગતું હતું. સોફામાં જ્યાં માતાજીએ બેઠક લીધી હતી ત્યાં આગળ મીઠી સુવાસ આવતી હતી. તકીયા પર માતાજી અઢેલીને બેઠાં હતાં તેના પર સુવાસ આવતી હતી. સમગ્ર વાતાવરણ દિવ્યતાથી ભર્યું ભર્યું લાગતું હતું. મારી કફની પર ઘરનાં સભ્યોને મીઠી સુવાસ વરસતી હતી.

# ૫ ભક્ત બાળકોની ભાવોર્મિ

તા. ૭-૯-૨૦૦૧

મહેન્દ્રભાઇ મીસ્ત્રી અને કુટુંબના સભ્યો

*ધનસુખભાઇ મીસ્ત્રી (દાદા) પરિવારના અગિયાર નાના મોટા સભ્યોએ બાળસહજ નિર્દોષતા સાથે પૂજ્યશ્રીને આ પ્રમાણે પ્રાર્થના કરી હતી.*

નાના નાના બાળ અમે તો
આવ્યાં સૌ તમ દ્વાર
નાની નાની આંખો મહીં છે
સમણાં મોટા મોટા
હાથ પસારો, પાસ બુલાવો
બ્રહ્મ શબ્દનું ભાન કરાવો
ચિત્ત આનંદનું ધ્યાન ધરાવો
ગુન-ગુન, ગુન-ગુન ગુંજન કરતો
શબ્દ કો સંભળાવો
ઝીલ-મીલ, ઝીલ-મીલ જ્યોત જગાવો

કાલી-ઘેલી વાણી મહીં છે,
વાતો મોંઘી મોંઘી
ગાવા છે તવ ગીત
મન મીત મારા
ગાવા છે તવ ગીત
કૈંક જન્મોના કાલાવાલા
હવે તો પાર ઉતારો વ્હાલા!
ગુરૂજી, હવે તો પાર ઉતારો.

ગુરૂ મળ્યાં છે તમ સરીખા
છે ને કેવા ભાગ્ય અમારાં!
હામ ન હારૂં, ભાન ન ભૂલું
જુગતી કો બતલાવો.

મુઠી ઉંચેરા ઉઠવાની આશ અમારી
ટાંકણ લઇ ટપારો
કે સોટી લઇ સમજાવો
શરણ તમારૂં ભાવે અમને
પહોંચાડો ભવધામ
ગુરૂજી પહોંચાડો તવધામ.
હાથ પછાડું, માથું હલાવું
પામુ નહીં કો સાર
આમ ભાગતો, તેમ કુદતો
અથડાતો કુટાતો ને વધુ ફસાતો
તાલી પાડી શોર મચાવી
વિનવું વારંવાર
પહોંચાડો ભવધામ
ગુરૂજી પહોંચાડો તવધામ

ડગ માંડતો ડગ-મગ ડગ-મગ
પડી આખડી ઊભો થાતો
લઇ સહારો તવ નામ
ગુરૂજી, લઇ સહારો તવ નામ
ઠેલણ ગાડી લઇ દોડતો
પહોંચવા ભવધામ
નથી જાણાતો કે પહોંચાશે
કો અંદાજો આપો!

કેવા કેવા કર્યા ઉધામા
ફાવ્યો ના કોઈ વાતે
આતમ જગાડો, દીપ પ્રગટાવો
સુણાવો અનહદ નાદ તણો રણકારો
નાની નાની મુઠીમાં ભરી દો મુજને
જીવન ભરનું ભાથું.
ના, ના ભવોભવનું ભાથું
આશ ન ખૂટે, સાથ ન છુટે
ભવોભવની પ્રીત નીભાવો.

દલડું દીધું દીલબરને મારા
દીરની પ્યાસ બુઝાવો
દીલમાં છે એક આશ
સદા રહું તવ પાસ
આસ-પાસ તવ સાથ-સાથ
પાસ જ રાખો, સાથે જ રાખો
જરી ન મેલો છેટો અલગારો.

ભાવ અમારાં હૈયે ધરજો
ભૂલો સઘળી ભૂલી જાજો
પલળે જો દલડું જરી તમારૂં
કશું-કશું તો બતલાવો
કશું-કશું તો કરાવો

કહ્યું કહાવ્યું તેં જે મુજને
કાંઈ ન જાણું, પણ બહુ માણું
યાદો તારી બહુ મમળાવું
હવે તો માડી હું મુંઝાણો
બહું ગુંચવાતો, બહુ લપટાતો
ગુરૂજી, પાર ઉતારો
વ્હાલા ગુરૂજી, પાર ઉતારો.

## પૂ. ગુરુદેવ દ્વારા કથિત જ્ઞાનબીજ

જો નિયમ પાળવાની શક્તિ ન હોય તો નિયમ કરવો જ નહિ, એ સૂત્ર અડધું સાચું છે. નિયમનો ભંગ થતો રહે તો આંતરશક્તિ ઓછી થતી જાય એમાં શંકા નથી. પરંતુ અંતરની શક્તિ વધારવા માટે પણ નિયમ જરૂરી છે, એ ન ભુલવું જોઈએ. આ સ્થિતિમાં સાચો માર્ગ શક્તિનો અંદાજ મેળવી લીધા પછી નિયમ કરવાનો છે. શક્તિના પ્રમાણમાંજ નિશ્ચય કરવામાં આવશે તો તે પળાશે અને તેથી શક્તિ પણ વધશે. શરીરબળ વધારવા માટે જેટલી જરૂર વ્યાયામની છે, તેટલીજ જરૂર મનોબળની વૃધ્ધિ માટે નિયમોની જરૂર છે. નિયમ પળાય નહિ ત્યારે તે છોડી દેવાનો માર્ગ યોગ્ય નથી. શક્તિ પ્રમાણે ફેરફાર કરી સહેજ પાછાં પગલાં ભરવાં અને પછી નવા નિયમ દ્વારા તાકાત મેળવી આગળ ધપવું એ મનોબળના વિકાસનો સાચો રાજમાર્ગ છે.

# ૬ પ. પૂ. સદ્‌ગુરુદેવનો ૭૦ મો જન્મ દિવસ

*રમેશભાઈ બારોટ* *તા. ૦૭-૦૯-૨૦૦૧*

## કોણ કહે છે સીત્તેર?

કોણ કહે છે સીત્તેર, સદાય બાળ સાતના છો તમે,
સાતસો પણ ઓછાં પડે, સદાય બાળ માતના છો તમે.
માનવ તો નથી જ, મહામાનવ કહું તે મર્યાદા છે,
દેવ કહેતાં ઓછપ લાગે, અવતારને ઓળખવા મુશ્કેલ,
કોણ છો? જાણવાની મથામણ શીદને કરવી,
કરવા વ્હાલ નિજ બાળને પ્રાગટ્ય પરમેશ્વરીનું નથી શું ઉકેલ?
વિશ્વ બાગમાં "મા" એ ખીલવ્યું આ ગુલાબ,
માળી બની ખુદ જગત જનની જતન કરે.
સાર્થક કરે સંભાળ બાળ, પ્રસરાવી સુગંધ સેવાની,
વિશ્વ આખાને વ્હાલું પોતાનું વતન કરે.
ડર છે પુષ્પને કે પાંખડીની કર્કશતા આપતા શ્રીચરણને ખૂંચે નહીં.
તેથી જ તો સ્પર્શતાં અચકાય છે.
છોડી તો દીધી છે સભા ઈંદ્રએ પોતાની, દર્શન તમારાં પામવાને.
દિવ્યતા આ સભાની જોઈ આવતાં ખચકાય છે.
ગુલાબ ક્યાં કહે છે મને ફુલોનો રાજા કહો, એતો એવા ગુણ થકી કહેવું પડે છે.
સૌંદર્ય, સુવાસ તો સૌને સહજ મળે, સ્પર્શ સાનિધ્ય પામવા દુઃખ કાંટાનું સહેવું પડે છે.
સ્વપ્નમાં પણ સાચી એક ઝલક તમારી મળી જાય તો,
આ શ્રી ચરણમાં આખી જાગતી જિંદગી કુરબાન કરી દઉં.
એ અવસ્થામાં જ આંખ મારી સદાને માટે મીંચાય તો,
હશે એ ધન્ય પળ એક આખી જિંદગીની, અંતે તમને આંખોમાં ભરી જઉં.
છીછરા કીનારાનોય ડર હતો, હવે મઝધારેય મોજ છે,
સથવારો મળ્યો છે સમર્થનો, સામા કીનારાની કોને દરકાર છે.
ભટકતો અહીં તહીં પૂછતો કે બતાવો મને સાચા રસ્તાની ખોજ છે,
હવે મંઝીલ સામેથી મળે, રાહબર જ્યાં રાજયોગી સરકાર છે.
આવ્યા છીએ તમારી મધુશાલામાં, પીવડાવવામાં ન રાખતા બાકી,
નજરથી પીવડાવો કે અધરથી, પ્યાલી માત પ્રેમની મરજી તમારી સાકી.
વર્ષે, દાડે વ્હાલ છાનું ક્ષણો કેટલીય કરી જવું તેવો કોઈ બાંધ્યો નિયમ છે?
હાજર છે તો કહું છું 'મા' શ્વાસ તારા સઘળા ભરી દે રાજબાળમાં તોય કમ છે?

ૐ મા ૐ

ગુરુ કૃપા હી કેવલમ

# ૭ સેવાના સીમાડાઓને પુષ્ટ કરો

પૂ. રાજયોગી નરેન્દ્રજી તા. ૪-૯-૨૦૦૧

## સેવાદિન

નિલોષા સેવાયજ્ઞના તપથી તપીને તીરથ બની ગયું છે. આધિ વ્યાધિ ઉપાધિથી ત્રસ્ત વ્યક્તિઓને માનસિક શાંતિનો અનુભવ કરાવતાં કરાવતાં ભરયુવાનીમાં પ્રવેશ કરી બાવીસ વર્ષ વીતાવી દીધાં. નિલોષાની આ ભૂમિમાંથી પરમશક્તિ મંત્ર ૐ મા ૐ ના સ્પંદનો આંદોલિત થતાં રહે છે.

માતા પિતાની નિષ્ઠાપૂર્વકની સેવાના ફળ સ્વરૂપે નિલોષા દંપત્તિ નલિનકાંત અને ઉષાબહેનના આ નિવાસસ્થાનને માતાજીએ સેવા કેન્દ્ર બનાવવા સંમતિ આપી. સેવા કેન્દ્રની ક્ષિતિજો વિશ્વમાં વિસ્તરતી ગઇ. કેટલાયે ભગ્ન હૃદયનું આશ્વાસન, સહાયક કેન્દ્ર નિલોષા બની રહ્યું છે. અહિંયાથી પ્રેમ, ભક્તિ અને સેવાની સરિતા વહે છે.

સેવાયજ્ઞના સંનિષ્ઠ સેવાવ્રત ધારી ભાઇ બહેનો નિઃશુલ્ક અને નિષ્કામ ભાવે સેવા આપી રહ્યાં છે અને સેવાયજ્ઞના આયોજનને દીપાવી રહ્યા છે.

આપનો સેવાનો ભાવ સતત બની રહે તે માટે નમ્રતા અને દયાનો ગુણ કેળવતા રહેજો. માતાજીની મીઠી યાદ સતત મનમાં રાખવા પરમશક્તિ મંત્ર ૐ મા ૐ ના અજપાજપ મનમાં ચાલુ રાખજો જેથી મમતાળુ ભાવ હંમેશાં મનમાં બની રહેશે. સેવાકાર્યમાં અહમ્ ઇર્ષ્યા રાગ દ્વેષને ભળવા ન દેશો. સેવાના ક્ષેત્રમાં વ્હાલા દવલાંનો ભેદભાવ ન રાખશો. નિજી સ્વાર્થને વટાવવાનો પ્રયત્ન ન કરશો.

નિષ્કામભાવે સેવા કરશો તો કર્મબંધનથી બચી શકશો. સેવાના સીમાડાઓ વધારો, પ્રેમ અને પ્રસન્નતાથી તેને પુષ્ટ કરો

મારા આપ સર્વેને આશીર્વાદ છે.

**નિલોષા રહે તીર્થધામ**
**જનસમુદાય કાજ**
**આશીષ માતની**
**સર્વે રહે આનંદથી**
**રડતા રડતા આવે**
**હસતા હસતા જાય**
**એવા નિલોષાનો**
**આજ ૨૩ મો જન્મદિન ઉજવાય**
**ભૌતિકતા સરી પડે**
**માખણ સરીખી**
**પ્રેમના પુષ્પો**
**શોભે હૃદય સિંહાસન પરે.**

## ૮ " ગુરુપૂર્ણિમા "

પૂ.રાજયોગી નરેન્દ્રજી તા. ૫-૭-૨૦૦૧

*ખજાનો વસંતોનો ભરીને આવ્યો છું.*
*રણમાં વસંતો હરરોજ ખીલાવું છું.*
*નથી હોતા વસંતોને સીમાડા કે કીનારા,*
*જિંદગીમાં વસંતો એ જ સાચો શણગાર છે.*

મારૂં આ પૃથ્વી પર અવતરણ થયું ત્યારથીજ માતાજી એ મને તેમના અમૃતનું પયપાન કરાવીને મારી જિંદગીમાં વસંતોનો ખજાનો ભરી દીધો છે. વસંતનો પમરાટ મારા સમસ્ત અસ્તિત્વમાં વ્યાપી રહ્યો છે.

મારા સેવાયજ્ઞ વેળા એ નિલોષા પર કે અન્ય કોઈ સ્થળે આવતા મુલાકાતીઓની રણમય બનેલી જિંદગીમાં દરરોજ વસંતો ખીલાવી જાણું છું.

વસંતોને પૂરબહાર ખીલવવામાં કોઈ મર્યાદા નથી જેટલી સાત્વિકતા જીવનમાં વધારે તેટલી તે પૂરબહારમાં ખીલી ઉઠે છે. જિંદગીમાં સદાય વસંતો રહે એજ જીવનનો સાચો શણગાર પરંતુ વસંતો ક્યારે રહે ?

જિંદગીમાં સદાય વાસંતી બહાર માણવી હોય તો તેનો ઉપાય પણ આપના હાથમાં જ છે. ફક્ત દ્રઢ મનોબળ અને પુરૂષાર્થ દ્વારા

(૧) શરીરનું સ્વાસ્થ્ય ટકાવી રાખો નિયમિત અને સમતોલ આહાર વિહાર દ્વારા જ શરીરનું સ્વાસ્થ્ય ટકાવી શકાય.

(૨) મનને શુભ, સાત્વિક આનંદમાંજ ઝૂમવાદો. સત્સંગ, સેવા અને સંતોષ દ્વારા જ મનમાં સાત્વિક આનંદના આંદોલનો પ્રસરાવી શકાય.

(૩) હૃદયમાં પરમાત્માને પ્રસ્થાપિત કરો. પરમના પ્રેમથી હૃદયને ભરી દો આમ શરીર, મન અને હૃદયનું સાત્વિક ભાવોનું સંમિશ્રણ જીવનમાં વાસંતી બહાર લાવી શકે છે. શરીર સ્વસ્થ હોય, મનઆનંદ અને સંતોષમાં હોય, હૃદયમાંથી પ્રભુ પ્રત્યેના પ્રેમનો પ્રવાહ સતત વહેતો હોય ત્યારેજ જીવનમાં વસંતી શણગાર સજાવી શકાય.

## ૯ જીવન સરિતાના પ્રવાહને આનંદસાગરમાં વહાવો....

રાજયોગી નરેન્દ્રજી તા. ૫-૭-૨૦૦૧

**વ્હાલા આત્મિયજનો,**

આપ સર્વે આધ્યાત્મિક પંથના પ્રવાસીઓ છો. આપને પરમનો દિવ્ય પ્રકાશ અનુભવાય ત્યાં સુધી અવિરતપણે થાક્યા હાર્યા વગર તમારી યાત્રા, પ્રયત્ન ચાલુ રાખજો, પંથ કાપતા રાખજો.

છેલ્લા ૨૬ વર્ષથી પરમના પંથે પ્રવાસ કરી, પરમ પ્રકાશ અને શાંતિ, આનંદનો અનુભવ કરવાનો અનુરોધ હું કરતો આવ્યો છું. માર્ગદર્શન આપતો રહું છું. પુરૂષાર્થ તમારે કરવો જ રહ્યો.

વિશ્વમાં કેટલા ઉત્સુકો, ભાવિકો, મુમુક્ષોઓએ આધ્યાત્મિક પંથે પ્રયાણ આદર્યું છે. આગળ વધવા પ્રયત્ન કરી રહ્યા છે. કેટલાક અધવચ્ચે અટવાયા છે. પરંતુ રસ્તો છોડયો નથી. કેટલાક અન્ય સરળ રસ્તાની શોધમાં પડયા છે. વ્હાલા બાળકો, તમારૂં લક્ષ્ય નક્કી કરી તેને વળગી રહો. મનબુધ્ધિની ચાલમાં અટવાશો નહી.

ભૌતિક જગતના માતાપિતા સાથે તમારો લોહીનો દેહનો સબંધ છે. લાગણીનો સબંધ છે. આ માતા પિતા તમારા જ ઘરમાં અમુક વર્ષો સુધી-તમે પગભર થાવ ત્યાં સુધી તમારો શારીરિક, સંસ્કારિક, શૈક્ષણિક અને આર્થિક વિકાસ થાય સ્વનિર્ભરતા આવે તેવો લાગણી સભર પુરૂષાર્થ કરતા રહે છે. માતા પિતાનો આ ભાવ લાગણી નિઃસ્વાર્થ નિર્વ્યાજ કરે છે. તમે તેની કિંમત કોઈપણ કાળે અદા કરી શકશો નહિં, પરંતુ તેમના જીવનની ઢળતી સંધ્યાએ શારીરિક, માનસિક અને આર્થિક નિઃસહાયતામાં તન, મન અને ધનથી, તમારા સંપૂર્ણ સામર્થ્યથી તમે પુત્ર હો કે પૂત્રી, સંપૂર્ણ સહાયક બની સેવા કરવાની નૈતિક અને આત્મિક જવાબદારી, ફરજ સમજવાનું અને અદા કરવાનું રખે ચૂકતાં તમારી ફરજમાં ભાવનું, લાગણીનું મિશ્રણ અવશ્ય કરજો.

શાળા મહાશાળાઓના શિક્ષકો તમારૂં બૌધિક ઘડતર અને ચણતર કરે છે. જીવનના પંદર કે વીસ વર્ષ દરમિયાન પોતાની વ્યક્તિગત રૂચિ, અને ક્ષમતા અનુસાર શિક્ષણ મેળવી યુવાન આર્થિક ઉપાર્જનના ક્ષેત્રમાં સ્વાવલંબી બની વિકાસ કરવા પ્રયત્ન કરે છે. પુરૂષાર્થ કરતો રહે છે.

અહીંયાંથી જ તમારી ઉન્નતિ કે અધોગતિનો માર્ગ કંડારાય છે, આર્થિક ઉપાર્જનની શરૂઆત અને પધ્ધતિ તમારી જો સાત્વિક અને સભર હશે. તો તન મન ધનની સ્વસ્થતા, નિર્મળતા, ટકી રહેશે. કુટુંબ પરિવારમાં સંસ્કાર અને આનંદનું વાતાવરણ પ્રસરી રહેશે. શુભ લક્ષ્મી તમારો સર્વાંગી વિકાસ કરશે. આર્થિક ઉર્પાજનનો પુરૂષાર્થ અને પધ્ધતિ જો અસાત્વિક, અનૈતિક હશે તો વિકારોની વણથંભી વણજાર તમારા જીવન પ્રવાહને ડહોળી નાખશે, સૂકવી નાખશે, રૂંધી નાખશે, અધઃપતનના માર્ગે વાળી દેશે. અનૈતિક પુરૂષાર્થથી સાંપડેલી સંપતિ અશુભ લક્ષ્મી છે. તમારૂં અને કુટુંબ પરિવારનું સર્વાંગી સ્વાસ્થ્ય જોખમાશે. અનીતિ, વિકારો અને કુસંસ્કારો, અશાંતિ. અસંતોષ અને દુઃખ રોગ, શોકનું વાતાવરણ સર્જશે, તમારી નવી પેઢી માટે ખતરા રૂપ પૂરવાર થશે.

વ્હાલા બાળકો, બાળપણ અને કિશોરાવસ્થા સુધીનું જીવન ખળખળ વહેતા નિર્મળ ઝરણા જેવું છે. તેમાં નથી કોઇ મલિનતા, નથી કોઇ રૂકાવટ. યુવાની માં પ્રવેશ થતાં જ જીવન ઝરણાંનો પ્રવાહ સરિતામાં પરિવર્તિત થઇ જાય છે. સ્વનિર્ભરતા, આત્મવિકાસ, પરોપકારવૃતિ અને સાગરને મળવાનું તેનું લક્ષ્ય માર્ગમાં આવતા અવરોધોને દૂર કરે છે વળોટી જાય છે કે અન્ય નવો માર્ગ કંડારી પ્રવાહને આગળ વધવા દે છે આ છે યુવાનીનો નૈતિક પુરૂષાર્થ! યુવાનીની ખુમારી!

ગુરૂ મંત્ર દીક્ષા પામેલા પ્રિયજનો, આપની જીવન સરિતાનું વહેણ અવિરત વહેતું રહે, સાગર મિલનનું લક્ષ્ય સિધ્ધ કરે તેવો પ્રયત્ન અને પુરૂષાર્થ આપે આદર્યો છે? તમે કયા સાગરમાં વિલીન થવા ઇચ્છો છો? સંસાર સાગરમાં કે આનંદ સાગરમાં ? સંસારસાગરમાં વિલીન થવાનું લક્ષ્ય તમારી જીવન સરિતાના પ્રવાહને મલિન બનાવશે , સૂકવી નાખશે થંભાવી દેશે, અસ્તિત્વ ઓગાળી દેશે. તમારી જીવન સરિતાનો પ્રવાહ કેવી રીતે રૂંધાઇ જાય છે તેની તમને ખબર છે? નથીને?

તમારી યુવાનીના ધસમસતા જીવન પ્રવાહને ઉત્સાહથી યોગ્ય માર્ગે વાળવા, આગળ ધપાવવા માટે તમારી પાસે સાચા, સંનિષ્ઠ, નિર્લોભી માર્ગદર્શક નથી અથવા તમારૂં મનોબળ મજબૂત કરનાર

આધ્યાત્મિક પથદર્શક નથી અથવા તમારો પોતાનો સાત્વિક પૂરૂષાર્થ નથી તેથી તમારી યુવાનીના શક્તિ સામર્થ્યનો લાભ લેવા, તેને બહેકાવવા માટે તમારૂં આંતરિક અને બાહ્ય જગત તમને પ્રલોભનો આપી પ્રવૃત કરે છે, ક્ષણિક સુખ માટે લલચાવે છે.

તમારા આંતરિક જગતમાં, **"હું બધું જ કરી શકું તેમ છું, મારી પાસે શરીર બળ, બુધ્ધિબળ છે, મને કશું જ થવાનું નથી,"** આવું અભિમાન, અહમ્‌ભાવ ખોટો આત્મવિશ્વાસ તમને અસાત્વિક વિષયો તરફ ધકેલે છે. હિતેચ્છુઓની રોકટોક, સલાહ સૂચન તમને અઘટિત લાગે છે. તમે મન અને ઇન્દ્રિયોના ગુલામ બની જાઓ છો. મનોબળ નબળું બની જાય છે. તમારા વિકાસના નિર્ણયોને તમારૂં મન અને ઇન્દ્રિયો ફેરવી નાંખે છે. આળસ, ઉંઘ, કુટેવો, મન બુધ્ધિ ઈન્દ્રિયોને બહેકાવતી, ડોલાવતી, ગીરાવતી, પાંચ ઈન્દ્રિયોના આસ્વાદ જેવાકે સ્વાદ, શ્રવણ, દ્રશ્ય, ગંધ, અને સ્પર્શ જેવા ક્ષણિક વિકારી સુ:ખ માણવા પ્રવૃત થઈ જાય છે. પાંચ કર્મેન્દ્રિયોનો મન, બુધ્ધિ, અહંકાર, સાથેનો બહેકાવ તમારી યુવાનીના પ્રવાહને મલિન અને રોગિષ્ટ કરી નાખે છે. રોગના જીવાણુંઓ અને મલિન વિચારોના આંદોલનો તમારા શરીર અને મનને નિર્બળ બનાવે છે. નિર્ણાયક શક્તિ કુંઠિત થઈ જાય છે. યુવાનીનું જોમ, ખુમારી, તમન્ના ધીમે ધીમે ઓસરી જાય છે. જીવનમાં ધારેલું શારીરિક, બૌધ્ધિક, આર્થિક, અને સામાજિક વિકાસનું લક્ષ્ય હાંસલ કરી શકતું નથી. યુવાની વેડફાઈ ગયાનો અહેસાસ જીવનને હતાશ, નિરાશ, અને રોગોથી ભરી દે છે.

યુવાનીમાં તમારા બાહ્યજગતના લોભી, સ્વાર્થીમિત્રો, સગાસબંધી ઉપરાંત બાહ્ય પ્રલોભનો ઉત્પન્નકરનારા સાધનો જેવાકે, સિનેમા, ટેલિવિઝન, પર આવતા અશ્લીલ અસંસ્કારી દ્રષ્યો, સ્વાદીષ્ટ લાગતી, અશુધ્ધ, અસાત્વિક આહારની વાનગીઓ અને સ્વદિષ્ટ આહાર બનાવનાર અસાત્વિક રોગીષ્ટ તન, મનના અશુધ્ધ માણસો, પ્રસાધનોના વિવિધ સાધનો, અઘટિત પહેરવેશ, અને મોજ શોખના અશ્લીલ વ્યહવારોથી ઉભરાતાં સ્થળો તમારા જીવનને રૂંધવાના, બહેકાવવાના, બુઝાવવાના નર્કાગારો છે. તમારૂં જીવન અધ:પતનની ઉંડી ખાઈમાં ધકેલાઈ જાય છે. સંસ્કારી માતા પિતા અને પૂર્વજોનો સંસ્કારી વારસો અને તમારૂં સાત્વિક પ્રારબ્ધ જ તમને બાળપણથી જ સાત્વિક સંસ્કારનું સિચંન કરી શકે, સાત્વિક વાતાવરણ નિર્માણ કરી શકે. જીવન પ્રવાહને યોગ્ય માર્ગે વાળી શકે.

સંસાર સાગરમાંથી તમારા જીવન પ્રવાહને આનંદ સાગરમાં વહાવવાનો પુરૂષાર્થ તમારેજ કરવો પડે. તમારૂં પ્રારબ્ધ અને તમારો સાત્વિક પુરૂષાર્થ જ તમને તમારા આંતર બાહ્ય જગતમાં સાનુકૂળ, સાત્વિક વાતાવરણ, સાત્વિક હિતેચ્છુઓ, માર્ગદર્શક મેળવી આપે.

વ્હાલા બાળકો, તમારી જીવન સરિતાના પ્રવાહને ગંગાના પ્રવાહ જેવું નિર્મળ, ગુણકારી અને પવિત્ર બનાવવા માટે તમે ગમે તે ઉંમરના હો આજે જ દ્રઢ નિશ્ચય કરો અને આનંદ સાગરમાં જ સમાવિષ્ટ થઇ જવા તમારી જીવન સરિતાના વહેણને વહાવવા પ્રયત્નશીલ બનો, દ્રઢ સંકલ્પ કરો. તમારો સંનિષ્ઠ પ્રયત્ન હશે અને અંતરની આરઝૂ, પ્રાર્થના હશે. તો પરમની કૃપા અને સંત સદ્‌ગુરૂના આશીર્વાદ, માર્ગદર્શન, સાથ, સહકાર હંમેશાં મળતાં રહેશે જ.

**સંત સદ્‌ગુરૂના પાદ પ્રક્ષાલન કરવાથી, ફૂલહાર કરવાથી, ભેટ સોગાદ આપવાથી કે તમારી બૌધ્ધિક અને ભૌતિક સંપત્તિ ન્યોછાવર કરવાથી આત્મિક સુખ મળ્યાનો, પુણ્યકાર્ય કર્યાનો સંતોષ તમે અનુભવી શકો પરંતુ સંત સદ્‌ગુરૂની આંતરિક ખુશી, આનંદ, કૃપા, આશીર્વાદની અભિવ્યક્તિતો ત્યારેજ મળે જ્યારે તમે તેમના અતિસમૃધ્ધ આદેશો અને આદર્શોને અનુસરો, જીવનમાં અપનાવો**

**તમારા જીવન સરિતાના પ્રવાહને તેમની પદયાત્રાના પ્રવાહમાં વહેવા દો. તેમના જેવું સાત્વિક જીવન જીવવા પ્રયત્ન કરો. તમે પણ સંત બની શકો અને જગતને સત્સંગ સેવા અને પ્રેમ પીરસી શકો. જીવનના પ્રવાસમાં હરિને સમાવો. પરમ શક્તિ મંત્ર ૐ મા ૐ નું માનસિક સ્મરણ, પરમનું ચરણ શરણ મેળવી આપશે.**

વ્હાલા બાળકો, જેની ઉર્મિઓ યુવાન છે. જેની ભાવનાઓ નિર્મળ અને પ્રેમાળ છે, તેવા કોઈપણ ઉંમરના પરમના પ્રેમીઓ આપ પણ આપની જીવન સરિતાના પ્રવાહને આનંદ સાગરમાં વહાવવાનો પૂરૂષાર્થ કરતા રહેજો જ.

જીવનમાં સચ્ચિદાનંદ સ્વરૂપ પરમનો અનુભવ કરવાના મારા અનુભવગમ્ય નીચે દર્શાવેલા અમૃત મય આચરણનો અનુભવ આપ પણ આપના જીવનમાં અપનાવો અને ચારે દિશાએથી પરમનો પ્રેમાળ સ્પર્શ, આલિંગન, પ્રકાશ અને ઐક્યતાનો-અદ્વૈતનો અનુભવ કરો.

**વ્હાલા બાળકો.**

**(૧) આપનું જીવન બનાવો પવિત્ર, પ્રેમાળ, પુરૂષાર્થી.**
**(૨) આપનું વ્યક્તિત્વ બનાવો નિર્ભય, નિર્મળ, નિરહંકારી.**
**(3) આપ સ્વયમ બનો સરળ, સદાચારી, સ્થિતપ્રજ્ઞ.**
**(૪) આપનું અસ્તિત્વ બનાવો વિનમ્ર, વિવેકી, વિશ્વાસુ.**

આપના સંનિષ્ઠ અને સાત્વિક પુરૂષાર્થ માટે મારા આપને આશીર્વાદ છે.

**ૐ મા ૐ**

## ૧૦ "સાત્વિક સૃષ્ટિ નિર્માણમાં આપનું યોગદાન"

*પૂ.રાજયોગી નરેન્દ્રજી* *તા. ૫-૭-૨૦૦૧*

**વ્હાલા બાળકો,**

મારી કલ્પનાની પાંખે ઉડવાનું આજે આપ સર્વેને હું નિમંત્રણ આપું છું. મારી કલ્પનાઓને સાકાર કરી વિશ્વમાં વહેતી કરવાની મને ખ્વાહિશ છે. આપના નિસ્વાર્થ યોગદાનની આવશ્યક્તા છે.

નવી સૃષ્ટિ નિર્માણની અનેક વિધ કલ્પનાઓમાંની એક કલ્પનાને હું આજે સક્રિય અને સાકાર રૂપ આપું છું.

નવી સૃષ્ટિમાં મારી કલ્પના એવી હતી કે, બાળક જન્મે ત્યારથી જ તેના મગજમાં મેં સૂચવેલા નવ સિધ્ધાંતો સ્થિર રહેલા જ હોય. આ તો ભવિષ્યની વાત થઈ. સાંપ્રત સમયમાં વિશ્વમાં સાચી શાંતિ અને સાત્વિકતાના વાતાવરણને પ્રસ્થાપિત કરવા માટે પ્રત્યેક બાળ માનસને સાત્વિકતાથી સભર કરવું પડે. આ બાબત કેવીરીતે શક્ય બને? આતો જુની નિર્માણ પામેલી સૃષ્ટિ ચાલી રહી છે. દુષણોથી ખદબદતા  વાતાવરણને કેવી રીતે સાત્વિકતામાં પરિવર્તિક્ત કરી શકાય?

શક્ય બની શકે! જરૂર છે. આપ સર્વેના સંનિષ્ઠ, સામુહિક, સાત્વિક, નિસ્વાર્થ પુરૂષાર્થની. યાદ હશે આપને મારી નવી સૃષ્ટિ નિર્માણની કલ્પનાઓ અને ઇચ્છાઓ અનેક કલ્પનાઓમાંની એક કલ્પના એ હતી કે માનવ બાળક આ પૃથ્વી પર જન્મ ધારણ કરે ત્યારે સકળ શાસ્ત્રના સાર સમાન મારા નવ સૂચવેલા સિધ્ધાંતો તેના મગજમાં સક્રાંત થયેલાજ હોવા જોઈએ. આ હતી ભાવિ સૃષ્ટિ નિર્માણની એક

કલ્પના. આ ભવિષ્યની કલ્પનાને મારે વર્તમાનમાં ઘટિત કરવી છે.

જ્ઞાતિ, જાતિ, ધર્મ, સંપ્રદાય, ભાષા, દેશ, વિદેશના સિમાડાઓ વીંધીને મારે દરેક નવજાત બાળકના અણુએ અણુમાં સાત્વિકતાના આંદોલનો પ્રસરાવવા છે. બાળકના સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ શરીરમાં સાત્વિકતા, માનવતા, આધ્યાત્મિકતા વ્યાપી રહે, દૂષણો દૂર્વૃત્તિઓને મનમાં પ્રવેશવાનો માર્ગ જ ન મળે. મારી આ કલ્પના મેં વાયુ મંડળમાં વહેતી કરી દીધી છે. પરિણામ પરમની મરજી પર અવલંબિત છે.

વર્તમાન સમયમાં દરેક બાળક વિશ્વનું એક આધ્યાત્મિક અંગ બની રહે તે હેતુ થી દરેક નવજાત બાળકના જન્મના પ્રથમ દિવસે જ તેની જીભ પર તુલસીપત્રની દાંડીથી પરમ શક્તિ મંત્ર **ૐ મા ૐ** નું ઉચ્ચારણ કરતા કરતાં આ મંત્ર લખવો પછી બાળકના જમણા કાનમાં શબ્દ સહ નવ સિધ્ધાંતોનું પઠન કરવું. દુનિયાની અન્ય કોઈ દૂષિત હવાના આંદોલનો તેના સ્થૂળ અને સૂક્ષ્મ શરીરમાં પ્રવેશે તે પહેલાં જ પરમ શક્તિ મંત્ર અને નવ સિધ્ધાંતોના શ્રવણ રૂપી કવચથી બાળક સુરક્ષિત થઈ જાય અને બાળકના અણું એ અણુમાં સાત્વિક આંદોલનો ગુંજી ઉઠશે.

આપ સર્વે આ શુભ સંકલ્પ યુક્ત કાર્યમાં આપનું સાત્વિક અને સંનિષ્ઠ યોગ દાન આપો. કલિયુગમાં વ્યાપી રહેલા દૂષિત આંદોલનોને મિટાવવાનો આ એક સરળ ઉપાય છે. આપનું યોગદાન આપો આપ સર્વે આપના સામાજિક વર્તુળમાં આ સંદેશાને પ્રસરાવો. બીજું પાંચ વર્ષ સુધીના પ્રત્યેક બાળક પર આ ઉપાય અજમાવવો જોઈએ.

**ૐ મા ૐ**

## ૧૧ રામનવમી

*તા. ૪-૪-૨૦૦૧*

### તટસ્થ વલણ અપનાવીએ

આજે રામનવમી છે. દશરથનંદન રામજીનો જન્મદિવસ-પ્રાગટ્ય દિવસ છે. રામ, લક્ષ્મણ, જાનકીજી સાથે સંનિષ્ઠ સેવક હનુમાનજીનું દર્શન માનસપટ પર સહજ રીતે જ આવી જાય છે. આ મહામાનવોના ગુણાનુવાદ ગાઇને ધન્યતા અનુભવવાનો અને એમણે આચરેલા સાત્વિક ગુણોને આત્મસાત્ કરવાનો ચેતના દિવસ છે.

રામજીના જીવનમાં સર્જાયેલી વિપરીત ઘટનાઓ જેવી કે રામ વનવાસ, સીતાહરણ, સીતાની અગ્નિપરીક્ષા, ગર્ભવતી સીતાનો ત્યાગ, આ બધી ઘટનાઓ પાછળ કયા પરિબળોએ અગત્યનો ભાગ ભજવ્યો?

રાગ દ્વેષ, પક્ષપાતી વલણ, પૂર્વગ્રહ, વાસના, અહમ્, આસક્તિ, નિંદા જેવા માનવમનના આસુરી પરિબળોએ રામજીના જીવનમાં વિપરિત પરિસ્થિતિ નિર્માણ કરી હતી.

રામ રાજ્યાભિષેક વખતે મંથરાની કાનભંભેરણીથી કાચાકાનના કૈકેયીએ પોતાનો સ્વાર્થ સાધવા પ્રયત્ન કર્યો. પોતાના પુત્ર ભરત પ્રત્યે રાગ ઉત્પન્ન કર્યો અને રામજી પ્રત્યે દ્વેષભાવ જાગ્યો, પૂર્વગ્રહ બંધાયો અને પક્ષપાતી વલણ અપનાવ્યું. રાગ માણસને આંધળો બનાવી દે છે, બુધ્ધિને કુંઠિત કરી દે છે. વિવેક વિસરાઇ જાય છે.

સીતાહરણ પાછળ રાવણની કામવાસના અને છળકપટ વર્તાય છે. વળી રાવણને પોતાના બળ અને ઐશ્વર્યનો અહમ્, રામ પ્રત્યેના દુર્ભાવનું કારણ બને છે. સુર્વણ મૃગના રૂપમાં આવેલ મારિચીએ છળકપટ કરી લક્ષ્મણને મદદ માટે સાદ કર્યો, સીતાજીએ રામજી પ્રત્યેની લાગણીના ઘોડાપુરમાં લક્ષ્મણજી પ્રત્યે ક્રોધાવેશમાં વિવેક ગુમાવી અવિવેકયુક્ત શબ્દો બોલી લક્ષ્મણને રામની મદદે જવા ફરજ પાડી અને આપત્તિના શિકાર બનવું પડ્યું. રાવણની દુર્ભાવના અને અહમ્ તેના પતનનું કારણ બન્યો. વળી લંકાવાસીઓ દુ:ખી થયા તે વધારામાં. ધોબીની નિંદા અને જનમાનસમાં આદર્શ બેસાડવાના રામજીના શુભ આશયથી સીતાનો ત્યાગ કર્યો અને સીતાની પવિત્રતાની ખાત્રી લોકોને કરાવવા માટે અગ્નિપરીક્ષા કરાવી.

માનવ મનમાં રાગ, દ્વેષ,અહમ્ આસક્તિ, ક્રોધ, નિંદા વિગેરે અવિવેકી, આસુરી ભાવ, લાગણીઓ ઉદ્ભવે ત્યારે માણસની માનસિક સમતુલા ડહોળાઇ જાય છે. બુધ્ધિ વામણી બની જાય છે. માણસમાં પશુતા જન્મે છે.

સાંપ્રત સમયમાં દરેક વ્યક્તિમાં સાત્વિક અને આસુરી વૃત્તિઓનું વલોણું, મંથન થયા જ કરતું હોય છે. માનવમનની આસુરી વૃત્તિઓ કેટલાય કુટુંબોમાં અશાંતિ, દુ:ખ કલેશમય વાતાવરણ પ્રસરાવી રોગને રહેવાનો, માર્ગ મોકળો કરી આપે છે. અનિંદ્રા, બ્લડપ્રેશર, આપઘાત, ગાંડપણ વિગેરે રોગો આમાંથી જ મહદ્અંશે ઉદ્ભવે છે. કુટુંબની, સંબંધોની મીઠાશ, કડવાશમાં પલટાઇ જાય છે. કુટુંબ વિભાજિત બની જાય છે.

આવી વિષમ પરિસ્થિતિને નિવારવા માટે દરેક વ્યક્તિએ જાતે જ તટસ્થ વલણ અપનાવવું પડે. આપણી સાત્વિક અને અસાત્વિક આસુરી વૃત્તિઓના મંથનમાંથી નીકળતા વિષ અને અમૃતને તટસ્થ ભાવે નિરપેક્ષ ભાવે અપનાવીએ. વિષને શંકરની જેમ કંઠમાં જ રાખીએ, પ્રસરવા ન દઇએ અને અમૃતને, મીઠાશને આપણામાં ભરીએ અને અન્યને વહેંચીએ તો સંસારની વિસંવાદિતા ટાળી શકાય.

આપણી દુર્વૃતિઓ, આપણા અવગુણો, વ્યક્તિ, કુટુંબ, સમાજ, રાષ્ટ્ર અને વિશ્વશાંતિ માટે ખતરારૂપ છે. વ્યક્તિમાં રહેલી દુર્વૃતિઓનું શમન થાય, તો જ વ્યક્તિ શાંતિનો, સંતોષનો અહેસાસ કરી શકે. આપણામાં રહેલી દુર્વૃત્તિઓથી બચવાનો અને તેને વિદારવાનો ઉપાય શું ?

ઉપાય તો આપણી પાસે જ છે ફક્ત તેને આચરણમાં મૂકવાની જરૂર છે. આ રહ્યા દુર્વૃત્તિઓને શમાવવાના તેને વિદારવાના કેટલાક અનુભવસિદ્ધ ઉપાયો -

**૧. પરમાત્માના પ્રત્યેક સર્જનમાં આત્મિય ભાવ કેળવીએ.**

**૨. આપણામાં રહેલા ગુણો અને દોષોને તટસ્થભાવે પિછાનવા જોઇએ. દોષોનું નિર્મૂલન કરવા અને સદ્ગુણોને વિકસાવવા હંમેશા પ્રયત્નશીલ રહીએ.**

**૩. ધીરજ, સહનશીલતા અને વિવેકયુક્ત વલણ અપનાવીએ.**

**૪. પરમનું સતત સાનિધ્ય કેળવવા મંત્રજાપ, નામસ્મરણ, ભજન, કીર્તન અને તેના જ ગુણોમાં મનને પરોવાયેલું રાખીએ.**

આમ કરવાથી આપણામાં નિર્મળતા, નિર્દોષતા, સમભાવ, સમતા કેળવાતાં જશે. દુર્વૃત્તિઓ, દુર્ગુણોને પ્રવેશવાની કોઇ જગ્યા જ નહિં રહે જીવનમાં ઉદ્ભવતી વિપરિત પરિસ્થિતિને નિપટવાની, તટસ્થ વલણ અપનાવવાની અને સહી લેવાની ક્ષમતા કેળવી શકાશે. વળી અન્યના ઉજડતા જીવન બચાવી શકાશે મારા આપ સર્વેને આશીર્વાદ છે.

**ૐ મા ૐ**

## ૧૨ જન્મદિન મુબારકબાદી

*પૂ. રાજયોગી નરેન્દ્રજી* *તા. ૧૨-૮-૨૦૦૧*

# જન્માષ્ટમી

વ્હાલા વ્રજવાસીઓ,

શ્રધ્ધા કુટીરમાં આજે મારા પ્રિય સખા અને આપણા સહુના પ્રાણપ્યારા સર્વેશ્વર શ્રી કૃષ્ણના જન્મદિનની ઉજવણી અર્થે અત્રે ઉપસ્થિત થયાં છીએ. નટખટ એ નંદકિશોરને જન્મદિન મુબારકબાદી આપણે કેવી રીતે કરીશું? આપણે તેને શું ભેટ ધરીશું!

શ્રી કૃષ્ણ તો સ્વંય લક્ષ્મીપતિ છે. દ્વારિકાધીશ છે, યોગેશ્વર છે જગદ્‌ગુરૂ છે. વળી સૃષ્ટિના સંચાલક, પાલનહાર સાક્ષાત વિષ્ણુ છે. આપણી ભૌતિક ભેટ સોગાદ તો તેને ન ખપે. તો આપણે તેને ભેટમાં શું આપી શકીએ? શ્રી કૃષ્ણને આપણી કઇ વસ્તુ કામમાં આવે? એવી કઇ વસ્તુ ભેટ ધરીએ કે તેના થકી તેના હૃદયમાં યાદરૂપી સ્થાન પ્રાપ્ત કરી શકીએ, તેનું સાનિધ્ય પ્રાપ્ત કરી શકીએ. આપણે તેની સાથે એક અનુપમ, અતૂટ નાતો બાંધી શકીએ. શ્રી કૃષ્ણને આપણું સમર્પણ ગમે. આપણે તેના થઇને રહીએ, તેના સૃષ્ટિ સંચાલનના કાર્યમાં સહભાગી થઇએ તેવું તેને ગમે. આપણે શ્રી કૃષ્ણ પરમાત્માને કેવી રીતે સમર્પિત થઇએ?

ઘર, ગૃહસ્થીને તો આપણે છોડી શકીએ તેમ નથી કારણકે, કર્માનુસાર આપણે આપણી ફરજ નિભાવવી જ રહી, ભૌતિક જગતના સબંધોની ફરજમાંથી મુક્ત થયા વગર આપણે આપણું મન નિર્મળ કરીને પરમાત્મા શ્રી કૃષ્ણને તેમના જન્મદિનની ભેટમાં આપી ધન્યતા અનુભવીએ તો કેવું?

શ્રી કૃષ્ણને પણ આપણું નિર્ભેળ, નિર્મળ, નિર્દોષ મન જોઇએ છે. જગતમાં વ્યાપી રહેલા અજ્ઞાન, અંધશ્રધ્ધા, અરાજકતા રૂપી અંધકારને ઉજાડવા માટે, જ્ઞાનનો પ્રકાશ પ્રસરાવવા માટે, માણસાઇના દીવડા પ્રગટાવવા માટે, નિર્મળ મનમાં માનવતાની મહેંક ભરવી છે.

શ્રી કૃષ્ણ ભગવાને પૃથ્વી પર પરત આવવાનું અવતાર ધારણ કરવાનું વચન આપ્યું છે. આતતાયીઓના વિનાશ માટે તેને આવવું તો પડશે જ ને!

ચાલો આપણે આપણું નિર્મળ, નિર્ભય અને નિર્દોષ મન શ્રી કૃષ્ણને ભેટમાં આપીએ. અને માનવતા પ્રસરાવવાના તેના ભગીરથ કાર્યમાં સહભાગી થઇએ. ભેટમાં આવેલી વસ્તુ પાછી ન લેવાય તે તો ખબર છે ને? આપણું મન તેને સોંપી દીધા પછી મનના માલિક શ્રી કૃષ્ણ પરમાત્મા સ્વયમ્ બની જાય. આપણે તો ફક્ત મહાન માલિકના સ્મરણ, ચિંતન, મનન અને માર્ગદર્શનમાં જ રહેવાનું.

ભેટમાં આપવા માટે આપણે આપણા મનને નિર્મળ, નિર્દોષ, નિર્ભય કેવી રીતે કરવું તે ખબર છે?

૧. નિર્મળ મન કરવા માટે પહેલાં તો આપણે મનને ઘસી ઘસીને સ્નાન કરવું પડે. પ્રમાદ, આળસ, અતિનિંદ્રા અને રાગદ્વેષ અહમ્‌રૂપી મેલને મંત્રજાપ, નામસ્મરણ, ભજન, કીર્તન, સત્સંગ દ્વારા દૂર કરવો જોઇએ. શરીરને નિર્મળ, સ્વચ્છ, તાજગીભર્યું રાખવા માટે દરરોજ સ્નાનની જરૂર છે. મનને મંત્રજાપના વારિથી નિયમિત સ્નાન કરાવો. મનને મલિન કરતા, ગીરાવતા પરિબળો જેવા કે આળસ, અતિનિંદ્રા, દૂષિત આહાર, વિહાર, રાગ દ્વેષ, અહંકારમાંથી બચાવી વિવેકયુક્ત બુધ્ધિના નિયંત્રણમાં

લાવવા હંમેશાં પ્રયત્નશીલ રહેવાથી મનની સ્વચ્છતા જળવાઇ રહે છે.

૨. મર્યાદાયુક્ત, સુંદર, સુશોભિત વસ્ત્રોના આવરણથી શરીર શોભી ઉઠે છે. મર્યાદાસભર, વિવેકયુક્ત બુધ્ધિ દ્વારા જ મનના મનોરથો, શોભી ઉઠે છે. ઇન્દ્રિયો સ્વસ્થ, સ્વચ્છ, શુધ્ધ મનના નિયંત્રણમાં રહે છે. અને માનવતાને મહેંકાવવામાં પોતાનો સહયોગ આપી શકે છે.

૩. નિયમિત સાત્વિક, શુધ્ધ, સમતોલ આહાર વિહારથી શરીરની સ્વસ્થતા જળવાઇ રહે છે તેવી જ રીતે નિયમિત સત્સંગ, સેવા અને સદ્‌ગુરૂના માર્ગદર્શનથી મનની સ્વસ્થતા જળવાઇ રહે છે.

૪. બુધ્ધિ એ મનની સખી છે, પરંતુ આત્માની તો પત્નિ છે. પત્નિ પતિનાઆદેશ અને આદર્શોને અનુસરે તો સંસાર યાત્રા સરળ અને સુખી બને. બુધ્ધિ એટલે મતિ તે પતિરૂપ આત્માના અવાજને અનુસરે તો બુધ્ધિ સદ્‌બુધ્ધિ બને, અને તેનામાં વિવેક ભળે. વિવેક સભર બુધ્ધિ, બાળકરૂપી મન અને ઇન્દ્રિયોને સાત્વિક પુરૂષાર્થમાં જ પ્રવૃત્ત થવા દે. સાત્વિક બુધ્ધિ દ્વારા મન પરમને નમન કરી શરણાગતિ સ્વીકારી શકે.

આપણે નિર્મળ, નિર્ભય, નિરહંકારી મન બનાવીએ અને શ્રી કૃષ્ણને સોંપી દઇ સદૈવ સાથી સખા બની રહીએ.

**ૐ મા ૐ**

## ૧૩ હિમાલયમાં ધરતીકંપ નિવારણ વિધિ

દેશ વિદેશના વૈજ્ઞાનિકો અને ભૂસ્તર શાસ્ત્રીઓની આગાહી પ્રમાણે વર્તમાનપત્રોના સમાચારનો મર્મ એવો હતો કે “હિમાલયમાં ધરતીકંપ થવાની શક્યતા છે. અને કરોડો માણસોની જાનહાની થવાની શક્યતા છે. ગઢવાલમાં તેહરી ડેમ ધરતીકંપની અસરમાં આવે તો એક કરોડ માણસોને જાનહાનિ થવાની શક્યતા છે.”

આ સમાચારના અનુસંધાનમાં અનુકંપાશીલ પૂજ્ય રાજયોગીજીએ, પરમશક્તિ મા ભગવતીએ આપેલ દિવ્ય શક્તિ અને ધરતીકંપ નિવારણની વિધિ અનુસાર, જો સત્તાવાળાઓનો સહકાર મળેતો હિમાલયમાં જઇને વિધિ કરવાની ઇચ્છા પ્રદર્શિત કરી. પૂજ્યશ્રીની ઇચ્છાને વધાવી લઇને ભાવિક ભક્તોએ પ્રવાસ અંગેના ચક્રોગતિમાન કરવા માંડ્યા. પૂજ્યશ્રીની ઇચ્છા ૨૩ સપ્ટેમ્બરે વિધિ કરવાની હતી.

તા. ૧૦-૯-૨૦૦૧ રાતે સ્વપ્નમાં પરમશક્તિ મા ભગવતી પધાર્યા અને પૂજ્ય રાજયોગીજીને તૈયાર થવા જણાવ્યું. પૂજ્યશ્રીએ માતાજીને પૂછ્યું, શું પહેરવાનું છે? માતાજી કહે “આ પહેરવેશ ચાલશે.” પૂજ્યશ્રી અને માતાજી દરિયા કિનારે આવ્યા અને રેતીમાં બેઠાં, પરપ્રાંતના કેટલાક માણસો દરિયા કિનારે ફરતા હતા. થોડી વાતો કર્યા પછી માતાજીએ કહ્યું કે “હિમાલયમાં હાલમાં ધરતીકંપની વિધિ કરવા જવાનું યોગ્ય નથી.” માતાજીની આ સૂચના મળતાં હાલમાં હિમાલયમાં ધરતીકંપની વિધિ કરવા જવાનું બંધ રાખેલ છે.

# ૧૪ શાપિત હવેલી - પ્રેતાત્મા મુક્તિ

બેલગ્રેવહોલ લેસ્ટરમાં લગભગ ૩૫૦ વર્ષ જુની એક શાપિત હવેલી છે. કોઈ ધનાઢ્ય ઉમરાવ પરિવાર આ હવેલીમાં રહેતા હતા. ઈતિહાસ એવું કહે છે કે આ હવેલીમાં ઘણા ધનાઢ્ય પરિવારો રહેવા આવ્યા હતા. અને આર્થિક તેમજ કૌટુંબિક રીતે પાયમાલ થઈ જતા હતા. છેલ્લા હવેલીના ધનિક માલિક પાસેતો ઓઈલ મીલો અને વિશાળ વેપાર હતો પરંતુ ટૂંક સમયમાં જ નુકશાની અને પાયમાલી વેઠવી પડી. છેલ્લી સદીમાંજ આ હવેલી ફક્ત દશ હજાર પાઉન્ડમાં લેસ્ટર કાઉન્સીલને વેચી દીધી. વિશાળ ગાર્ડન અને આલીશાન મકાન તેની જૂની સજાવટ સામે પબ્લીક મ્યુઝીયમ તરીકે રાખ્યું છે. આ મ્યુઝીયમની સલામતી માટે સીક્યોરીટી કેમેરા ગોઠવવામાં આવ્યા છે.

૧૯૯૯ના અરસામાં લેસ્ટરના લોકલ પેપર લેસ્ટરશાયર મરક્યુરીમાં સમાચાર આવ્યા હતાં કે, સીક્યોરીટી કેમેરાએ આ હવેલીના કંમ્પાઉન્ડમાંથી એક પ્રેતનું સફેદ આકૃત્તિવાળું પીક્ચર ઝડપ્યું હતું. ટેલીવીઝન ઉપર અને સી.એન.એન. મ્યુઝીયમમાં સમાચાર દ્વારા જાણાવવામાં આવ્યું હતું કે, બેલગ્રેવ હોલ મ્યુઝીયમમાં ભૂત છે. અને ક્યારેક ક્યારેક દેખાય છે.

તારીખ ૧૬-૭-૨૦૦૧ ને સોમવારે પૂજ્ય રાજયોગી નરેન્દ્રજી, બહેનજી અને વડેરા પરિવારના સભ્યો આ મ્યુઝીયમ જોવા ગયા હતા. બે માળની આ હવેલી આલિશાન છતાં નિસ્તેજ વર્તાતી હતી. મકાનના પ્રત્યેક રૂમની સજાવટ જૂના સમયના રજવાડા કે ધનિક વર્ગની રહેણી કરણી પ્રમાણે વર્તાતી હતી. મ્યુઝીયમના એક રૂમમાં ફરતાં ફરતાં અમે આવ્યાં, રૂમની સજાવટ નિહાળી રહ્યા હતા. એક ઉમરાવબાઈનું પૂતળું સોફા પર બેસાડેલું હતું. બીજુ ખુરસીમાં હતું. બન્ને બાઈઓ (પૂતળા) વાતો કરવાના સ્વાંગમાં હતાં. આ રૂમમાં સોફા પર બેઠેલ બાઈની દિશામાંથી પૂજ્યગુરૂદેવ રાજયોગી નરેન્દ્રજીના કાનમાં સ્ત્રીનો સ્પષ્ટ અવાજ સંભળાયો, "**PLEASE HELP ME, GIVE ME FREEDOM**" "મહેરબાની કરીને મને મદદ કરો મને મુક્તિ આપો." હૃદયદ્રાવક અવાજ ગુરૂદેવના પ્રેમાળ, લાગણી સભર હૃદયને સ્પર્શી ગયા. પ્રેતયોનીમાં અતૃપ્ત વાસના લઈને ભટકતા આત્માની મુક્તિ આપવાનું વિચાર્યું. મ્યુઝીયમના "care taker" (સંભાળ રાખનાર) ઓફીસર સાથે નક્કી કરી પ્રેતાત્મા મુક્તિ યજ્ઞનું આયોજન કર્યું. તારીખ ૩-૮-૨૦૦૧ શુક્રવારે સવારે ૧૦-૦૦ વાગે પ્રેતાત્મા મુક્તિ યજ્ઞ કરવાનું નક્કી થયું.

લેસ્ટરના લોકલ ન્યુઝ પેપર, લેસ્ટરશાયર મરર્ક્યુરી લોકલ એમ. એ. ટીવી. દ્વાર પૂજ્ય શ્રી અને બહેનજીનો ઇન્ટરવ્યુ લેવામાં આવ્યો. ૩-૮-૨૦૦૧ને શુક્રવારે સવારે બેલગ્રેવ હોલ મ્યુઝીયમના પ્રાંગણમાં લંડન, લેસ્ટરના ભક્તો પ્રેસ રીપોર્ટર ફોટોગ્રાફર વિગેરે આનંદ અને આશ્ચર્યની લાગણી સાથે સમયસર ઉપસ્થિત થઇ ગયા. બરાબર સવારે ૧૦ વાગે પ્રેતાત્મા મુક્તિ યજ્ઞની વિધિ શરૂ કરી. અભિમંત્રિત જળથી ત્રણ વખત વર્તૃળ કરી સ્વસંરક્ષણ રેખા દોરી વર્તૃળની મધ્યમાં આસન પર પૂજ્યશ્રી ઉભા રહ્યા ત્રણ અગરબત્તી પ્રગટાવીને પૂજ્યશ્રીએ હાથમાં રાખી અને માનસિક પ્રાર્થના, મંત્રોચ્ચાર કર્યા, પ્રાર્થના ચાલુ હતી તે દરમિયાન જ પ્રેતાત્માઓ વર્તુળની બહાર નિસહાય દશામાં ટુંટીયું વાળીને છાયા રૂપે ઉભડક બેસી ગયા

હતા. પ્રાર્થના પછી પૂજ્યશ્રીએ આંખ ખોલી અને છાયારૂપે બેઠેલા આત્માઓની ઉપર વરદ્ હસ્ત પસવારી આશીર્વાદ આપ્યા અને પ્રેતયોનીમાંથી મુક્ત કર્યા. એક પછી એક કુલ સાત આત્માઓ છાયા રૂપે બેઠેલા હતા. આ સાતે આત્માઓને પૂજ્યશ્રીએ આશીર્વાદ આપી મુક્ત કર્યા, બેલગ્રેવ હોલ મ્યુઝીયમની શાપિત હવેલી પણ શાપ મુક્ત બની ગઇ.

તારીખ ૩-૭-૦૧ શુક્રવારના લેસ્ટરશાયર મરક્યુરી ન્યુઝપેપરમાં અને એમ.એ.ટીવી. લેસ્ટરમાં આ સમાચાર અને વિગત પ્રસારિત કરવામાં આવી છે.

## ૧૫ "મૃત્યુ અનિવાર્ય છે"

***સવાલ :- પૂજ્ય ગુરૂદેવ, અમેરિકામાં તા. ૧-૧-૨૦૦૧ નારોજ કીરીટભાઈ પટેલનું મૃત્યુ આપના સાનિધ્યમાંજ થયું. આપશ્રી આપના પરમભક્તના મૃત્યુને અટકાવી ન શકયા? આપે ધાર્યું હોત તો આપની વિરાટ શક્તિ દ્વારા તેમનું મૃત્યુ અટકાવી શકત ખરા?***

**જવાબ :** આપનો પ્રશ્ન એ સંસારી સ્વજનો અને સ્નેહીઓનો અને સહુનો પ્રશ્ન છે. ગુરૂદેવની હાજરીમાં મૃત્યુ કેવી રીતે આવી જ શકે? વહાલા બાળકો જન્મ અને મૃત્યુ જીવનનો પ્રથમ શ્વાસ અને છેલ્લો શ્વાસ વ્યક્તિના કર્મબંધન સાથે જોડાયેલો ઇશ્વર નિર્મિત જ હોય છે. વળી જન્મ મૃત્યુ વખતના સાનુકૂળ કે પ્રતિકૂળ સંજોગો પરિસ્થિતિ પણ વ્યક્તિના કર્મબંધન પ્રમાણેજ ઘટિત થાય છે.

સંતો સદ્ગુરુ તો પરમાત્માના ફિરસ્તાઓ છે. તેઓશ્રી તો વ્યક્તિના જીવનને સાત્વિકતાથી સદ્ગુણોથી શણગારી શકે. તેના જીવનને ઉજ્જવલ બનાવવા આધ્યાત્મિક પંથ પર ચઢવા માટે માર્ગ દર્શન આપી શકે. હાથ પકડી શકે. તેના મૃત્યુને તેના અંત સમયને સુધારવા વ્યક્તિને પ્રભુ મય પ્રભુ પ્રિત્યર્થે જીવન જીવવાને કટિબધ્ધ કરે. દૂર્વૃત્તિઓને સંસારની માયાજાળમાંથી મનને ઇશ્વરાભિમુખ કરવા પ્રોત્સાહન આપી શકે. મૃત્યુ અટકાવી શકાય નહી. મૃત્યુ અનિવાર્ય છે. મૃત્યુ શરીરનું થાય છે. આત્માનું નહી. આત્માતો અજર અમર છે. સંસારીઓનો સબંધ દેહ સાથે હોય છે. તેથી દેહ વિલય થતા આપણે દુ:ખી થઈએ છીએ. સાત્વિક વ્યક્તિનો દેહ કોઈ પણ જાતની પીડા, વ્યાધિ વગર પ્રભુ નામ સ્મરણ અને સાત્વિક વાતાવરણમાં સંતો અને સ્વજનોના સાનિધ્યમાં છૂટી જાય તો તેનો આત્મા સંસારમાં ભટકતો નથી. પરંતુ પરમાત્માના સાત્વિક કાર્યોમાં સંમિલિત થઈ જાય છે.

કીરીટભાઈ છેલ્લા ૧૦-૧૨ વર્ષથી મારા સાનિધ્યમાં હતાં. તેઓનું જીવન સાત્વિક્તાથી સેવાથી સભર હતું. ગૃહસ્થ જીવનની સાંસારિક જવાબદારી નિભાવતા હોવા છતાં તેમણે આધ્યાત્મિક સંપતિ પણ જમા કરી હતી. લગ્નના ૨૭મા વર્ષેજ તેમના અમર આત્માનું પરમાત્માસાથે આધ્યાત્મિક ઉત્સવની ઉજવણીની અને સાત્વિક આનંદના માહોલમાં વિલીન થઈ ગયું. મુખમાં મંત્ર જાપ, સદ્ગુરૂના અને આપ્તજનો, સ્નેહીઓ, અને ભક્ત ભાઈ બહેનોના સાનિધ્યમાં કોઈપણ જાતના દૈહિક કષ્ટપિડા વગર તેમનો આત્મા પરમના પરમના પંથે પ્રયાણ કરી ગયો. તેમનું જીવન અને મૃત્યુ એક ચિરંજીવ સંભારણું બની ગયું. આદર્શ જીવન અને આદર્શ મૃત્યુનું પ્રતિક કીરીટભાઈ બની ગયા.

**ૐ મા ૐ**

## ૧૯ પ્રશ્નોતર

**સ. ૧ :- અપમૃત્યુ કેમ થાય છે?**

જ. ૧ :- અપમૃત્યુ જેવી કોઈ પરિભાષા પરમના સાહિત્યમાં નથી. પરંતુ મૃત્યુનો પ્રકાર અકસ્માત, રોગયુક્ત, ચિંતાયુક્ત, વાસના સભર કે પ્રભુ સ્મરણમાં લીન રહી શાંત ચિત્તે જીવનનો છેલ્લો શ્વાસ લેવો તે વ્યક્તિના પોતાના ગત જન્મના કર્મ અને આ જન્મના ક્રિયામણ કર્મ ઉપર અવલંબિત છે. દરેક જીવાત્માનો પ્રથમ અને છેલ્લો શ્વાસ નિશ્ચિત હોય છે. એટલે કે જન્મ અને મૃત્યુ નિશ્ચિત અને અફર છે.

**સ. ૨ :- આવા સામૂહિક અપમૃત્યુ કેમ ?**

જ. ૨ :- સૃષ્ટિ નિયંતાની વિનાશક પ્રક્રિયા જ, આવા સામૂહિક મૃત્યુનું કારણ હોઈ શકે. પરમનું પ્રત્યેક સર્જન પરિવર્તનશીલ છે. ઉત્પત્તિ, સ્થિતિ અને લયની પ્રક્રિયા અવિરતપણે ચાલતી જ રહી છે.

**સ. ૩ :- અપમૃત્યુ ન થાય તે માટે જીવે શું કરવું?**

જ. ૩ :- સત્કર્મનું ભાથુ લઈને આવેલ જીવો આ જન્મે પણ સતકર્મો કરે, સંતસમાગમ કરે તેમજ મન વચન કર્મથી પવિત્ર રહે, સાત્વિક આચરણ કરે તો જીવનનો છેલ્લો શ્વાસ શાંતિથી પ્રભુસ્મરણમાં, સંતના સાનિધ્યમાં લઈ શકાય.

**સ. ૪ :- સંત અને પરમશક્તિના અંશમાં શું ભેદ ?**

જ. ૪ :- સંત ગત જન્મોના સતકર્મોનું ભાથું લઈને, સત્કર્મોનો વારસો લઈને આવેલ હોય છે. તેમજ આ જન્મમાં પણ સાત્વિક પુરૂષાર્થ કરી પરમનું સતત સાનિધ્ય નિભાવવા અહર્નિશ પુરૂષાર્થ કરતા રહે છે, પ્રયત્નશીલ રહે છે.

પરમશક્તિનો અંશ સંત હોઈ શકે. અવતારી આત્મા પણ હોઈ શકે. અવતારી આત્મા પરનું કાર્ય કરવા માટે પરમની ઈચ્છા, આદેશ અને માર્ગદર્શન અનુસાર આ જગતમાં કાર્ય કરે છે. શ્રી રામ, શ્રી કૃષ્ણ, પરમાત્મા સ્વયમ્ અવતાર ધારણ કરી આ જગતમાં ધર્મના, સાત્વિકતાના, સંતોના રક્ષણ માટે અવતાર ધારણ કર્યો હતો. આતતાયીઓનો વિનાશ પણ આવા અવતારી આત્માઓજ કરી શકે.

**સ. ૫ :- માણસ પરમતત્વનું સર્જન છે. તો સામાન્ય માણસ અને પરમશક્તિના અંશમાં શું ભેદ?**

જ. ૫ :- સામાન્ય વ્યક્તિ પરમતત્વનું જ સર્જન છે ગતજન્મના કર્મબંધન અનુસાર તેને ભૌતિક, સામાજિક અને આધ્યાત્મિક અનુકૂળતા, પ્રતિકૂળતા સાંપડે છે. સુખ દુઃખ તેને હસાવી રડાવી શકે છે.

પરમશક્તિના અંશ એવા સંત કે અવતારી પુરૂષ કર્મબંધનથી પર રહે છે. સમતા, સમત્વ, વિવેક અને વૈરાગ્ય તેના જીવનમાંથી નિખરી આવે છે. પરમનું સતત સાનિધ્ય તેમની ઉપસ્થિતિમાં વર્તાયા કરે છે. તેમનું સર્વ કર્મ પ્રભુપ્રિત્યર્થે જ હોય છે.

**સ. ૬ :- પરમ શક્તિના અંશને કયાં, ક્યારે, શા માટે જન્મ મળે? તેમનું કાર્ય શું ?**

જ. ૬ :- ઈશ્વરની ઇચ્છા અને જગતની જરૂરિયાત પ્રમાણે જ તેમનું અવતરણ અને કાર્ય હોઈ શકે.

**સ. ૭ :– આધ્યાત્મિક ઉત્થાનની કઈ કઈ કક્ષાઓ કે સોપાનો સાક્ષાત્કાર સુધી પહોંચવામાં કઈ કઈ બાબતો, કક્ષાઓમાંથી પસાર થવું પડે? (આધ્યાત્મિક અને ભૌતિક બન્ને રીતે).**

જ. ૭ :- વ્યક્તિમાં મન વચન કર્મની એકરૂપતા, પવિત્રતા અને સાત્વિકતા આવે ત્યારે જ વ્યક્તિ આધ્યાત્મિકતાના પંથ પર પ્રયાણ કરી શકે.

આત્મખોજ, આત્મમંથન, થાય, વિષનું - દોષોનું નિર્ગમન થાય અને સદ્‌ગુણો સ્થાયી થાય ત્યારે જ આધ્યાત્મિકતાના માર્ગ પર ચાલવાની શક્તિ સાંપડે, ક્ષમતા કેળવાય, પરમાત્માની કૃપા અને સંત-સદ્‌ગુરૂના આશીર્વાદ, માર્ગદર્શન અને વ્યક્તિના નિજી પૂરૂષાર્થ વગર સાક્ષાત્કાર સંભવી શકે જ નહિં. આ બધી બાબતોની ફલશ્રુતિ દરેક વ્યક્તિમાં એક સરખી ન હોઈ શકે. વ્યક્તિની ક્ષમતા પાત્રતા પ્રમાણેજ આધ્યાત્મિક ઉત્થાન અને સાક્ષાત્કાર સંભવી શકે.

***સ. ૮ :- સાક્ષાત્કાર પર પહોંચ્યા પછી ભગવાન સાથે અદ્વૈત એટલેકે વ્યક્તિ-જીવ ને પરમાત્મા એકરૂપ ગણાય ને?***

જ. ૮ :- સાક્ષાત્કારની સ્થિતિ પર પહોંચેલ વ્યક્તિએ નિતાંત સાત્વિકતા ટકાવી રાખવા હંમેશાં જાગૃત અને પ્રયત્નશીલ રહેવું પડે.

વ્યક્તિના મન, બુધ્ધિ અને અહંકાર આ સાત્વિક પરિસ્થિતિ ટકાવી રાખવામાં બાધારૂપ નીવડે તો વ્યક્તિની તે અનુભૂતિ કાયમ ટકી શકે નહિં. સાક્ષાત્કારી સંત અને ભગવાન -પરમાત્મામાં અદ્વૈતભાવ ત્યારેજ આવી શકે જ્યારે “હું” “તું” માં “હું” નું વ્યક્તિગત અસ્તિત્વ “તું” માં પરિવર્તિત થઈ જાય ઓગળી જાય. આ પરિસ્થિતિ કોઈ વિરલા સંતને જ સાંપડી શકે.

***સ. ૯ :- આપે તલ નાખ્યા અને આત્માની મુક્તિ થઈ તે વેળા આત્માનું સ્વરૂપ કેવું હતું? જ્યોતિમય કે એવું કંઈક ?***

જ. ૯ :- મેં તલનો છંટકાવ કર્યો હતો, નાખ્યા ન હતાં છંટકાવ સાથેજ જીવો અદ્રશ્ય થઈ ગયા હતા.

***સ. ૧૦ :- આપે અમદાવાદ-ભૂજના ભૂકંપમાં મૃત્યુ પામેલા આત્માઓને શાંતિ આપી કે મુક્તિ?***

જ. ૧૦ :- જીવની અતૃપ્ત વાસના છૂટી જાય એટલે તેને શાંતિનો અનુભવ થાય. મનની વિચાર શૂન્ય કે વાસના શૂન્ય અવસ્થા એટલે કે મુક્તિ. આમ મૃતાત્માને શાંતિ અને મુક્તિ બંને મળે.

***સ. ૧૧ :- બાર કલાકમાં તેઓનો પુર્નજન્મ ખરો ને?***

જ. ૧૧ :- સંશય છે? કર્માનુસાર નિર્મિત થયેલ જે તે યોનિમાં જન્મ મળી જ જાય.

***સ. ૧૨ :- આ કાર્ય કરતી વખતે આપની કેવી લાગણી હતી?***

જ. ૧૨ :- પ્રથમતો આ કાર્ય કરવાનો ઉત્સાહ અને ઉત્સુકતા હતાં. મૃતાત્માઓના સમૂહને જોઈને, તેમની દીનદશા, લાચારી, બચાવો બચાવોની બૂમોથી, ચિચિયારીઓથી ગ્લાનિ અને ખિન્નતા અનુભવી. કાર્યના અંતે મૃતાત્માઓને મુક્ત થયેલા જોઈ રાહત અને આનંદની લાગણી અનુભવી.

***સ. ૧૩ :- આપને શું એમ લાગે છે કે અથવા એમ માની શકાય કે આ કાર્ય પાછળ આપની ધણી પ્રબળ ને પ્રચંડ આધ્યાત્મિક શક્તિ ખર્ચાઈ છે? શું લોકકલ્યાણના કાર્યમાં વપરાતી આધ્યાત્મિક શક્તિ ઓછી થાય કે વધે? વધેતો કેવી રીતે? આપનું શું માનવું છે?***

જ. ૧૩ :- મેં કર્યાનો ભાર અને અહમ્ હોયતો જ એવી લાગણી અનુભવાય. હું તો ફક્ત પરમેશ્વરીના આ વિરલ અને મહાન કાર્યમાં સાધન માત્ર જ હતો. બધી જ પ્રેરણા, શક્તિ, સામર્થ્ય મા ભગવતીના જ હતાં. હું ફક્ત માધ્યમ માત્ર જ છું, ગાડીને અપટુડેટ રાખવાની જવાબદારી જેવી રીતે માલિકની હોય છે. તેવી જ રીતે આ શરીર રૂપી ગાડીમાં શક્તિનું સિંચન કરવાની

જવાબદારી પરમ શક્તિ મા ભગવતીની છે.

***સ. ૧૪ :- શું સામાન્ય માણસ આવો કલ્યાણકારી પ્રયાસ આદરે તો તેથી ઉન્નતિ પણ થાયને?***

જ. ૧૪ :- ઉન્નતિની કે કોઈપણ જાતની અપેક્ષા વગર સાચી ભાવનાથી, પોતાની જાતને સાધનમાત્ર ગણી પ્રભુપ્રિત્યર્થે જ કલ્યાણકારી માનવતાના કાર્યો કરવામાં આવે તો જ કદાચ શક્ય બને.

***સ. ૧૫ :- ધરતીકંપ બંધ થવાનો મંત્ર આપ્યો ત્યારે માતાજી સાથે કોઈ વિચાર વિમર્શ થયો હતો?***

જ. ૧૫ :- ના જી. હું તો ફક્ત દિવ્ય આદેશનું પાલન કરૂં છું અને દિવ્ય માર્ગદર્શન મેળવું છું.

***સ. ૧૬ :- શાંતિથી, સહજતાથી, સભાનપણે જીવ ક્યારે દેહ છોડી શકે? એવું મૃત્યુ ક્યારે મળે?***

જ. ૧૬ :- સત્કર્મથી જીવન વ્યતિત કર્યું હોય, મન વચન કર્મથી પવિત્રતા આદરી હોય. અનાસકત ભાવે પ્રભુપ્રિત્યર્થેજ સર્વકર્મ કર્યા હોય ત્યારે જીવનમાં કોઈ એષણા, વાસના, આસક્તિ, રહે નહિં. વળી ગત જન્મના સંચિત કર્મોનો હિસાબ પતી ગયો હોય ત્યારે જ મૃત્યુની છેલ્લી ક્ષણ સહજ બની શકે.

***સ. ૧૭ :- ભૂકંપનું કાયમી નિવારણ થઈ શકે? આપે એ માટે માતાજીને વિનવ્યા છે?***

જ. ૧૭ :- સૃષ્ટિ સંચાલન, સંવર્ધન અને વિસર્જનનું કાર્ય તેના માલિક, નિયંતા પરમાત્માનું છે. વળી પરમાત્મા આપણા માતા-પિતા, હિતેચ્છુ છે. તેની મરજીને જ સર્વોપરી ગણીએ તે જ ઉચિત છે.

***સ. ૧૮ :- ભૂકંપની વિનાશકતામાંથી પુનર્નિર્માણ ક્યારે કેવી રીતે? (કુદરતી આધ્યાત્મિક સંદર્ભમાં)***

જ. ૧૮ :- ઉત્પત્તિ, સ્થિતિ અને લય એ સૃષ્ટિનો ક્રમ છે. લયની સાથે જ ઉત્પત્તિ અને સંવર્ધનનું કાર્ય શરૂ થઈ જાય છે. માનવે ફક્ત પરમાત્માની સૃષ્ટિના પ્રવાહમાં વહેતા શીખવું જોઈએ. ભૌતિક પુનનિર્માણ માટે દરેક વ્યક્તિનો વૈયક્તિ એન સામૂહિક સાત્વિક પુરૂષાર્થ થાય, અહમ્ સ્વાર્થ, ઈર્ષા, રાગ, દ્વેષ અળગા થાય તો જ આ કાર્ય શક્ય બને.

***સ. ૧૯ :- જ્ઞાન એટલે શું?***

જ. ૧૯ :- જ્ઞાન એટલે અંતરનો ઉઘાડ, પ્રકાશ, વિવેકની જાગૃતિ એજ સાચું જ્ઞાન.

***સ. ૨૦ :- સાત્વિક જ્ઞાન આપ કોને ગણાવો છો?***

જ. ૨૦ :- "લબ્ધ્વા જ્ઞાનમ્ પરમ શાન્તિઃ" જે જ્ઞાન મેળવ્યા પછી પરમ્ શાંતિનો અનુભવ થાય, અંદરથી આનંદની અનુભૂતિ થાય, સમત્વનો ભાવ આવે, સમતા કેળવાય, સ્થિતપ્રજ્ઞતા આવે ત્યારેજ સાચું જ્ઞાન થયું કહેવાય.

***સ. ૨૧ :- આજ્ઞાચક્ર એટલે શું? એ કાર્યાન્વિત કરવું એટલે શું ?***

જ. ૨૧ :- આજ્ઞાચક્ર માનવના સૂક્ષ્મ શરીરનું દ્રષ્ટિકેન્દ્ર છે. આંતરખોજ કરવા માટે, અંતરમાં વિરાજીત શિવતત્વને પિછાનવા માટે, અનુભવવા માટે ધ્યાન દ્વારા જ તે કાર્યાન્વિત કરી શકાય. અગોચરની ભાળ મેળવવા માટે, અગોચર સૃષ્ટિ નિહાળવા માટે, અગોચરના રહસ્યો જોવા જાણવા માટે ધ્યાન દ્વારા જ આજ્ઞાચક્ર કાર્યાન્વિત કરી શકાય છે.

***સ. ૨૨ :- કર્મ ભોગવવું તે બરાબર છે. પણ "તો જ આપણું કાર્ય યોગ બની શકે" એમ કહયું છે. એટલે શું? તે કેવી રીતે? અહીં કર્મ અને યોગ દ્વારા આપ શું સૂચવો છો?***

જ. ૨૨ :- કર્મ યોગ ત્યારેજ બને જ્યારે આપણે અનાસક્ત ભાવે, પ્રભુપ્રિત્યર્થેજ, પૂરી નિષ્ઠાથી, ફળની

કે પરિણામની અપેક્ષા વગર કાર્ય કરીએ, અહમ્ ને અળગો રાખીને, શુભ અશુભ, લાભાલાભથી સુખદુઃખ અનુભવ્યા વગર કર્મ કરીએ તોજ તે કર્મ યોગ બની શકે. ક્રર્મયોગ બની જાય તો વ્યક્તિ કર્મબંધનથી છૂટી જાય જન્મ-મરણના ચકરાવામાંથી પણ છૂટી શકાય.

***સ. ૨૩ :- શિવતત્વ એટલે શું ?***

જ. ૨૩ :- આપણી અંદર વિલસી રહેલ, ચેતનતત્વ, આત્મતત્વ તે જ શિવતત્વ છે.

***સ. ૨૪ :- જીવનમાં મન બુધ્ધિ અહંકારનું પ્રાધાન્ય વધવું એટલે શું? એ ન વધે તે માટે શું કરવું? પરમનું સાનિધ્ય અનુભવવું એટલે શું?***

જ. ૨૪ :- મન બુધ્ધિ અહંકારનું પ્રાધાન્ય વધી જાયતે વ્યક્તિ અસાત્વિકતામાં સરવા માંડે, અને દુર્ગતિ, દુઃખ, દુષણોથી ઘેરાઈ જાય અને પરમથી વિમુખ થવા માંડે. આનું પ્રાધાન્ય ન વધે માટે સત્યાચરણ, સંત સમાગમ, અને સદ્ગુરૂનું શરણ લેવું જોઈએ. પરમનું સાનિધ્ય અનુભવવું એટલે આપણામાં સાત્વિકતાનો, ચૈતન્યતાનો અને આનંદનો અનુભવ સદાય થતો રહે. જીવનમાં આનંદ, શાંતિ, સંતોષ, સમતા અને સમત્વનો ભાવ જાગે. સ્થિતિપ્રજ્ઞતા આવે વિવેક અને વૈરાગ્ય જાગે ત્યારે જ પરમનું સાનિધ્ય અનુભવ્યું કહેવાય.

***સ. ૨૪ :- મન ઈન્દ્રિયોને નિયંત્રણમાં કઈ રીતે રાખી શકાય?***

જ. ૨૪ :- મન ઈન્દ્રિયોને નિયંત્રણમાં રાખવા માટે મનોબળ મજબૂત કરવું પડે. સંત સમાગમ, સાત્વિક વાતાવરણ, અને સેવામાં જીવન વ્યતિત કરો.

મંત્રજાપ, નામસ્મરણ, પ્રાર્થના, ભક્તિ, સેવા, પ્રાર્થના અને પ્રભુ ચિંતનથી જ મનનોમેલ ધોવાય. ધ્યાન દ્વારા મનના તરંગોને શાંત કરવા પ્રયત્ન કરો. નિયમિતપણે આ પ્રમાણે કરવાથી મન ઈન્દ્રિયોને કાબુમાં લાવી શકાય. મનની ચાલમાં તમે ન ફસાઈ જાવ. મનના વિચારોને, તરંગોને, કલ્પનાઓને, અનુમોદન ન આપો.

***સ. ૨૫ :- રાગ એટલે શું?***

જ. ૨૫ :- રાગ એટલે આસક્તિ, મમત્વ, મારાપણાનો ભાવ.

***સ. ૨૬ :- દ્વેષ એટલે શું?***

જ. ૨૬ :- દ્વેષ એટલે પરાયાનો ભાવ જેમાંથી પક્ષપાત, પૂર્વગ્રહ ઉદ્ભવે, ઈર્ષાનો ભાવ જાગે.

***સ. ૨૭ :- વિષને કંઠમાં રાખવું એટલે શું? તે કઈ રીતે કરી શકાય?***

જ. ૨૭ :- વિષ એટલે કડવી દ્રઢહાનિકર્તા, નગમતી, અન્યને નુકસાન કરતી સ્થગિત કરતી ઝેરીલી વાતો, હકીકતોને કુંઠિત કરીદેવી, સ્થગિત કરી દેવી જેથી વેરઝેર, વૈમનસ્ય ક્રોધ, ઈર્ષા, દુઃખ, શોકનો ઉદ્ભવ જ ન થાય. પ્રસરે નહિ. આ એક મહાન માનવસેવાનું માનવતાનું કાર્ય છે.

***સુખને સરવા દો પરંતુ દુઃખને તો ડૂબવા જ દો,***
***અમૃતને વહેંચો પરંતુ વિષને શોષી લો.***

સુખને, અમૃતને સારી વાતોને અન્યમાં પ્રસરવા દો, વહેંચો, પરંતુ દુઃખ, અશુભ, વિષમય વાતોને દબાવી દો. વિષને કંઠમાં રાખવા માટે સ્થિતપ્રજ્ઞતા, સહનશીલતા, મૌન, વિવેક જેવા ગુણો વિકસાવવા પડે.

# ૧૭ મુક્તિ મહાદાન

*હેમંત ઉપાધ્યાય* *તા. ૯-૪-૨૦૦૧*

**(તા. ૭ મી એપ્રીલ ૨૦૦૧ ના રોજ કચ્છ જિલ્લાના ભૂકંપ પીડીત મૃતાત્માઓની શાંતિ મુક્તિ માટે પૂજ્યશ્રીના અભિયાનનો અહેવાલ)**

સપ્ટેમ્બર ૨૦૦૦ માં ૧૩ અક્ષરના ભૂકંપ નિવારણમંત્રની માતાજીએ પૂજ્ય પૂજ્યશ્રીને સમજ આપી ત્યારે પૂજ્યશ્રીને સ્વપ્નમાં પણ ખ્યાલ નહોતો કે ભવિષ્યના પ્રચંડ મહાકાર્યની તૈયારી માટેનું શસ્ત્ર પ્રદાન થઇ રહ્યું છે. અને પૂજ્યશ્રી તો શિસ્તબદ્ધ સૈનિક... ક્યારે અને ક્યાં ઉપયોગ કરવાનો છે તેમ પૂછે પણ નહિ.

ખેર, ભાવનગરની ભૂકંપથી ભયભીત પ્રજા માટે આ મંત્રનો સર્વપ્રથમ ઉપયોગ માતાજીની આજ્ઞાથી ૧૫ મી સપ્ટેમ્બરે ભાવનગરના જૂના રેલ્વે સ્ટેશન, તખ્તેશ્વર નજીક કરવામાં આવ્યો. પછી તો વડોદરા, સુરત, મુંબઇ, નાગપુર અને અમદાવાદમાં પણ સમયે સમયે માતાજીના આદેશ મુજબ જે તે તારીખે અને સમયે, ભૂકંપ નિવારણ વિધિ પૂજ્યશ્રી દ્વારા સંપન્ન થઇ.

ભૂજના અતિ વિનાશક ભૂકંપથી અતિદ્રવિત થઇ ગયેલા પૂજ્યશ્રીની ભાવનાઓ અને માનસેવાના અતિ પરિશ્રમી પ્રયત્નો માટેની તત્પરતા નિહાળી, માતાજીએ પૂજ્યશ્રી પાસે ૧ લી ફેબ્રુઆરી ૨૦૦૧ ના રોજ ભૂકંપ નિવારણ વિધિ સંપન્ન કરાવી. ભૂજની ભયાનક ભયભીત પ્રજાને સંરક્ષણના આશીર્વાદ અને ભયમુક્તિનું અભય વચન આપનારા તેઓ પ્રથમ અને એક જ ક્રાંતિકારી સંત હતા.

પૂજ્યશ્રીને પ્રેતાત્મા મુક્તિ મંત્ર માતાજીએ અર્પણ કરેલો જ હતો અને તેના સફળ પ્રયોગના આપણે સાક્ષી છીએ. તા. ૨૬ મી જાન્યુઆરીના પ્રચંડ વિનાશક ભૂકંપે, ભૂજ, કચ્છ અને અમદાવાદમાં હજારો માનવીઓને મૃત્યુની ભેટ આપી દીધી. ક્ષણભરના કુદરતના પ્રકોપથી લાખો કુટુંબો નિરાધાર થયા, પરિવારના સ્વજનને ગુમાવી બેઠા અને ભૂકંપ પછીના સતત્ આંચકાઓથી વધુ નિર્બળ થઇ ગયેલા સ્વજનો, મૃતાત્માઓની અંત્યેષ્ટિ કરી ન શક્યા. શ્રધ્ધા, સંસ્કાર અને વ્યવહારથી આ મૃતાત્માઓ અતૃપ્ત રહ્યા. છેલ્લી ક્ષણની વેદનાઓ, ઇચ્છાઓ, મનોકામનાઓ અને ભયાનક દર્દ વડે શિવને શરણ થયેલ આ મૃતાત્માઓને મૃત્યુ પછીની શાંતિ નહીં જ મળી હોય એ દિવા જેવું સ્પષ્ટ હતું ત્યારે સંત સૃષ્ટિમાં અનેક પ્રકારના માનવસેવા યજ્ઞથી માતાજીના આદેશોનું અનુપાલન કરનારા પૂજ્યશ્રીની તીવ્ર મહેચ્છા હતી કે, સામૂહિક શાંતિ અને મુક્તિ માટે માતાજી આદેશ આપે, સમજ આપે, શક્તિ આપે અને સામર્થ્ય આપે. જેટલી સરળતાથી બોલી શકાય કે લખી શકાય એવું સહેલું આ કાર્ય નથી. અને તેથી જ માતાજી પણ મુંઝાયા હશે. પોતાના બાળની દરેક મહેચ્છા પૂર્ણ કરનાર માતાજીએ પૂજ્યશ્રીને આ માટે પણ આદેશ અને સમજ આપી. પૂજ્યશ્રીનું તુષ્યમાન મુખારવિંદ ખીલી ઉઠ્યું.

અમદાવાદથી શરૂઆત થઇ. ઠેકઠેકાણે રાજસેનાના કાફલા સાથે પૂજ્યશ્રી પહોંચ્યા છે. કેટલાયની તરસ છીપાવવા જળસિંચન કર્યું. શાંતિ માટે શાંતિપાઠ કર્યા અને માતાજીના આદેશ મુજબ કુલ ૬૮૬

માનવજીવોને શાંતિ અને મુક્તિ આપી.

કચ્છ જિલ્લા માટે આ કાર્ય અતિકઠિન હતું. કારણ ઘણો મોટો ભૌગોલિક વિસ્તાર. આખાય જિલ્લામાં માનવમૃત્યુ. સરકારી આંકડાઓ મુજબ ૧૮૦૦૦ થી વધારે. ક્યાં ક્યાં પહોંચવું. કેવી રીતે. કુટીર ભક્તોની કવાયત શરૂ. ગામગામના મૃત્યુઆંક ભેગા કરાયાં. રસ્તાઓ નક્કી થયા. દરેકને મુક્તિ મળે એવી સર્વગ્રાહી યોજનાઓ થઇ. પ્રતિક્ષા હતી માત્ર માતાજીના આદેશની. ૧૬ મી માર્ચે માતાજીનો આદેશ મળ્યો કે, સાતમી એપ્રિલે જવાનું છે. પોતાના બાળની શારીરિક પરિશ્રમી યાતનાઓ ઓછી થાય માટે મંત્રશક્તિની મર્યાદા પણ ૯૭ કી.મી. કરી આપી. પૂજ્યશ્રીની જન્મ તારીખ સાત નવ. મંત્રશક્તિની મર્યાદા નવ સાત. અર્થાત્ તમારા જન્મથી આ ધરતી જેટલી હરખાઇ છે, પાવન થઇ છે એના કરતાંય વધારે આજે હરખાઇ છે, પાવન થઇ છે. આપનો જન્મ અને એનાથી ઉલટું મૃતાત્માઓની મુક્તિ. ધરતી માટે બન્ને પવિત્ર અને સ્મરણીય પ્રસંગો છે.

આજે સાતમી એપ્રિલ છે. ભૂકંપ પછી ૭૨ મો દિવસ. બે મહિના અને બારમો દિવસ. પૂજ્યશ્રીની ભૂકંપપીડીત મૃતાત્માઓ માટે શાંતિ-મુક્તિ અભિયાનની મહાયાત્રાનો દિવસ. પૂજ્યશ્રીની ભૂકંપપીડીત મહાસેવા યજ્ઞ પ્રારંભ. કેટલીય ઉત્તેજના, જિજ્ઞાસા અને અસમંજસ દ્વિધાઓ ભક્તોમાં છે પણ પરિશ્રમી, પુરૂષાર્થી અને માતાજીમાં અનન્ય શ્રધ્ધા અને શરણાગતિ વાળા પૂજ્યશ્રીના ચહેરા પર અનેરો ઉત્સાહ છે. સહુ કુટીર ભક્તોને સાક્ષી થવું છે. સહુ તૈયાર છે પણ ખૂબ જ ઓછા ભક્તો સાથે આ શાંતિયાત્રાનું આયોજન થયેલ છે. નારીશક્તિ નારાજ છે. સહજાનંદ ટ્રાવેલની અતિ આરામદાયક લકઝરી સ્લીપર કોચ તૈયાર છે. જેના પર લખાયેલ છે "અવની". ધરતીમાતાના પ્રચંડ પ્રકોપથી જીવન ગુમાવનારાઓની શાંતિ અને મુક્તિ માટે તેમના મૃત્યુ સ્થળ અને મંત્ર શક્તિ મર્યાદાના સ્થળોની મુલાકાત ગોઠવાઇ છે. સહભાગી થનારા ભક્તોમાં અદમ્ય ઉત્સાહ અને દરેક પરિસ્થિતિ નિવારણની સાધન સામગ્રીનું ચીવટપૂર્વકનું આયોજન છે પછી તે તાપ હોય, તરસ હોય, ભૂખ હોય કે અન્ય. એક જ લક્ષ્ય છે કે, અમારા પૂજ્યશ્રીના કાર્યમાં બને તેટલી સરળતા, સાહજિકતા અને વિના વિઘ્ન કાર્ય પૂર્ણ થાય તેવી તત્પરતા રાખવી.

ભૂજના ભક્ત શ્રી પરમારે પણ ઉપરોક્ત હેતુઓ માટે પોતાની શક્તિ અને મર્યાદા મુજબ આયોજન કર્યું છે. સવારે ૬-૦૩ મીનીટે યાત્રા પ્રારંભ થયો. પૂજ્યશ્રીની સેવાયજ્ઞની દિશાઓમાં એક નવા પ્રકરણનો સૂર્યોદય.

ભક્તોએ ગણેશવંદના કરી પૂજ્યશ્રીના શકિતસ્ત્રોતોની સરાહના કરતું ભાવમય ગીત રાજયોગી હે દિવ્યયોગી હે ગાયું. પરમશકિત મંત્રની આરતી કરી અને સહુએ માતાજીને મનોમન પ્રાર્થના કરી કે, હે મા, અમારી સાથે રહેજો. આ તો ભાવના કરી પણ પોતાના બાળના આ પરાક્રમી કાર્યને નિહાળવા અને સાક્ષીઆનંદ માણવા માતાજી અને સ્વર્ગના તમામ દેવો હાજર હતા એની અનુભૂતિ થયેલ જ હતી.

પૂજ્યશ્રીના વદન પર મક્કમતા છે. જલ્દી પહોંચી નિશ્ચિત કાર્ય પૂર્ણ કરવાની અધીરાઇ છે અને વખતોવખત ધ્યાનમાં સરી પડી, માતાજી સાથેની ગોષ્ઠિ થતી હોય તેવી પરિસ્થિતિ અમે નિહાળી છે. શ્રી જસવંતભાઇએ એમની રચના પૂજ્યશ્રીને અર્પણ કરી. ભાવવેદના, મનોવેદના અને મૃતાત્મા પ્રાર્થના

સાથેની આ રચના સહુને ગમી. પછી રમેશભાઇ બ્રહ્મભટ્ટે પણ પોતાની રચના રજૂ કરી. હવે કમલભાઇએ પણ તેમની રચના રજૂ કરી. બસમાંજ લખેલ એક નાનકડી કવિતા હેમંતભાઇએ રજૂ કરી. બ્હેનજીએ રામાષ્ટક પાઠ કર્યો. યોગેશભાઇએ શિવોહમ્ દ્વારા શિવવંદના કરી. અને અચાનક પૂજ્યશ્રીએ નોટ લઇને લખ્યું. પછી અમોને સંભળાવ્યું.

વિધાતા ક્રૂર બની કચ્છ પર
કીધો માનવસંહાર.
આદેશ. માતનો ખામોશ.
એક કદમ ઉઠ્યું છે, હજુ અઢી કદમ બાકી છે.......

આ કથન વખતે, પૂજ્યશ્રીના ચહેરા પર જૂસ્સો, મક્કમતા અને બળસામર્થ્યના દર્શન થયાં. ખામોશ શબ્દ સાથે એક યોદ્ધાના આદેશનો તીવ્ર અને સ્પષ્ટ અવાજ હજુ કાનોમાં ગુંજે છે. સહુએ તાળીઓથી આ ગર્જના વધાવી લીધી પણ એક કદમ અને અઢી કદમનો કોયડો ઉકેલી ન શક્યાં.

સવારે ૧૦-૩૦ વાગે સૂરજબારી નજીકના અધોઇ પોલીસ સ્ટેશને પહોંચ્યા. શ્રી હરિસિંહ પરમારે, સપત્નીક સહુનું સ્વાગત કર્યું. પી.એસ.આઈ. શ્રી વી. કે. ગઢવી તથા તેમના સ્ટાફે પૂજ્યશ્રીની ચરણવંદના કરી. સૌ માટે અલ્પાહારની વ્યવસ્થા હતી. માત્ર દસ મિનીટના આરામ પછી શાંતિયાત્રા આગળ વધી. પૂજ્યશ્રી પોલીસ જીપમાં બ્હેનજી સાથે બિરાજમાન છે. તારાજીના દૃષ્યો જોઇ, પૂજ્યશ્રી ભાવવિભોર થયા છે અને ૧૧-૩૦ વાગે સહુ ભચાઉ પહોંચ્યા છે. પૂજ્યશ્રીના આદેશથી બસ સ્ટેન્ડની સામેનું સ્થળ પસંદ થયું છે. અહીં ૪૦૦ વર્ષ જૂના હનુમાનજીના મંદિરના પૂજ્યશ્રીને પ્રણામ કર્યા છે. અસહ્ય તાપ છે. ખૂલ્લો પગ મૂકી શકાતો નથી. છાંયડા માટે ચંદરવાની વ્યવસ્થા કરી છે જે અતિવેગી પવનથી વિધ્ન કરે છે. વિધિ માટેની સર્વ તૈયારીઓ પૂર્ણ થઇ છે, લાલ આસન બિછાવ્યું છે અને પૂજ્યશ્રીને વિનંતિ કરાઇ છે. ત્યાંતો ૧૧-૪૨ મીનીટે ધરતીમાતા એક ઇંચ જેટલા ઉછળ્યા છે. એક હળવા આંચકાનો સહુને અનુભવ. સહુને અચંબો અને ધરતીકંપના કંપનનો અનુભવ. પણ આ તો ધરતીમાતાના હૃદયનો ઉમળકાસભર આવકાર હતો કારણ માતાજીનો બાળ ધરતીમાતાનો ભાર હળવો કરવા આવ્યો છે. માનો કે ધરતીમાતે પણ પૂજ્યશ્રીને આશીર્વાદ આપી સ્નેહ વરસાવ્યો છે.

હવે પૂજ્યશ્રી આસન પર આવ્યા છે. ઊભા રહીને બરાબર ૧૧-૪૯ વાગે વિધિની શરૂઆત થઇ છે. ત્રણ અગરબત્તી પેટાવી છે. સ્થૂળ, સુક્ષ્મ અને કારણ એમ ત્રણેય શરીરમાં શાંતિ અને મુક્તિ માટે ત્રણ અગરબત્તી હશે એમ માનું છું. પૂજ્યશ્રીએ પ્રાર્થના શરૂ કરી. સહુ ભક્તો લયમય, પરમશક્તિ મંત્ર નો નાદ કરે છે. વાતાવરણમાં નિરવ શાંતિ અને સ્તબ્ધતા છે. પૂજ્યશ્રીની આગળ કોઇને પણ, ન જવાનો આદેશ છે. પ્રાર્થના પછી પૂજ્યશ્રીએ કળશના અભિમંત્રિત જળના ત્રણ વર્તુળ દોર્યા છે. પાતાળલોક, પૃથ્વીલોક અને સ્વર્ગલોક. ત્રણેય લોકમાંથી મુક્તિ મળશે એવો ભાવ હશે. પછી પૂજ્યશ્રીએ વાટકામાં રાખેલ કાળા તલને અભ્યુક્ષણ કરતાં કરતાં ક્યાંય સુધી ગયાં. એમની વેદના અને કાર્યનિષ્ઠાએ સખત તાપ, ધરતીના કંકર અને શારીરિક વેદનાની પરવા કરી નથી. પ્રેમથી દડબડ દડબડ નૃત્યભાવ સાથે પૂજ્યશ્રીની

અભ્યુક્ષણ સેવા નિહાળવી એ જિંદગીનો લ્હાવો છે. કુલ ૪૮ વખત અભ્યુક્ષણ અને પાછા ફરતાં ૭૨ પગલાંની યાત્રા. માતાજી દ્વારા કાનમાં ગુંજન કે **૯૬૨૯** મૃતાત્માઓને શાંતિ મુક્તિ મળ્યાં. પૂજ્યશ્રીના કાનમાં 'બચાવો' 'બચાવો'નું ધ્વનન સંભળાતું હતું. કાળા તલ જ કેમ? મને લાગે છે કે 'કાળુ' અંધકારનું પ્રતિક છે. તમારા જીવનમાં અંધકારની સમાપ્તિ. નવું જીવન, નવો સૂર્યોદય, નવો પ્રકાશ. તલ. ત એટલે તકદીર. અને લ એટલે લધિમાં. આઠ સિધ્ધિઓમાંની એક. અતિ લધુ થઇ જવું તમારા તકદીરના પાપકર્મો, અતિલઘુ થઇ જશે એવું વરદાન હશે. સમગ્ર વિધિ ૧૧-૫૪ વાગે પૂર્ણ થઇ. કાંટામાં, કંકરમાં માત્ર મોજાં સાથે પૂજ્યશ્રીના કોમળ ચરણોમાં કેવી વેદના થઇ હશે એના વિચારોથી બ્હેનજી ત્રસ્ત છે. બોલી શકતાં નથી પણ નયનમાં અશ્રુઓ રોકી શક્યાં નથી. સહુ ભક્તો અને હાજર સમુદાયે પૂજ્યશ્રીની આ સેવાભાવના અને સહનશીલતાને વંદન કર્યા. બ્હેનજીએ પ્રેમથી પુછ્યું કે બાપુ. વાગ્યું હશે ત્યારે નિર્દોષભાવે પૂજ્યશ્રીના શિસ્ત સેનાની સ્વરૂપે પ્રત્યુત્તર વાળ્યો કે. તમે ચિંતા ન કરો. મને કશું થયું નથી. અમે સહુ ભક્તોએ આપને ખૂબ ખૂબ માનસિક ત્રાસ આપ્યો છે પણ તમને શારીરિક રીતે સહન કરવું પડે એવું અમે ક્યારેય નહીં કરીએ. પૂજ્યશ્રીના સ્મિતવદન પર દુર્ઘટ કાર્યના પ્રથમ તબક્કાને પૂર્ણ કર્યાનો સંતોષ છે.

હવે સહુ લકઝરી બસમાં ગોઠવાયા છે. પૂજ્યશ્રીનો મનોભાવ જાણવાનો પ્રયત્ન થાય છે. તેમણે કહ્યું. કે અતિ નાના સ્વરૂપને લીધે પુરૂષ કે સ્ત્રી પારખવું મુશ્કેલ છે. બાળકો પણ હશે. મેં તીણા અવાજ સિવાય કશું સાંભળ્યું નથી અને કાર્યમગ્નતામાં મેં બીજૂં કાંઇ જોવાનો પ્રયાસ કર્યો નથી.

હવે પહોંચ્યા છે રૂડાં શહેર અંજારમાં. એક વખતની જાહોજલાલી અને કાવ્યોમાં જે શહેરને આદર અપાયો હતો ત્યાં આજે મકાનોનો કાટમાળ, જીવિત લોકોમાં નિરાશા, બેહાલ થઇ ગયાનો અપરાધભાવ અને સ્વને ગુમાવી દીધાની હતાશા. એમના શબ્દે શબ્દમાં લાચારીના દર્શન થયાં. સ્વાભિમાન અને આત્મવિશ્વાસ ક્યારે આવશે તે કહેવું મુશ્કેલ છે. ત્યાંનો પ્રસિધ્ધ ખત્રીચોક કે જ્યાં લગભગ ૪૦૦ બાળકોના સામૂહિક મૃત્યુ થયાં હતાં ત્યાં પ્રથમ ગયાં. જે રસ્તે બાળકોની પ્રજાસત્તાક રેલી નીકળી હતી ત્યાથી આજે પણ સમાજવિદ્યાનું પુસ્તક મળ્યું. ત્યાંની પ્રજાએ પૂજ્યશ્રીને, વેદનાપૂર્વક સમગ્ર ઘટનાનું બયાન કર્યું. એક ક્ષણ માટે પૂજ્યશ્રી ખોવાઇ ગયાં. બાળકોની ચીસ અને આર્તનાદનો અનુભવ કરતાં હશે. તેમના ચહેરા પર કરૂણાના ભાવ દૃષ્યમાન થયાં. આગળ મહાલક્ષ્મી ફળિયું. કોઇ મકાન સલામત નથી. પૂજ્યશ્રીનું હૃદય પોકારી ઉઠ્યું. અહીં જ વિધિ કરીએ. અને તરત જ વ્યવસ્થા કરી.

બરાબર ૧-૧૦ મીનીટે પૂજ્યશ્રીએ ત્રણ અગરબત્તી પ્રગટાવી, અને પ્રાર્થના કરી જળનાં ત્રણ વર્તુળ અને પછી કાળા તલનું અભ્યુક્ષણ. પૂજ્યશ્રી કયાંથી ક્યાં જાય છે તે નિહાળતાં ભક્તોના નયન અને પરમશક્તિ મંત્રનો નાદ. હૃદયના ખૂણે ખૂણેથી રૂદન અને મુક્તિ માટે ગુરૂકાર્યમાં નમન. કુલ ૮૧ વખત અભ્યુક્ષણ અને ૨૭ પગલાંનું પુનરાગમન. દરેક વ્યથિત છે. પૂજ્યશ્રીનો વેદનામય ચહેરો અને કાર્યપૂર્ણતાનો સંતોષ. કાનમાં ધ્વનિ સંભળાયો કે અહીં **૭૨૫૬** મૃતાત્માઓ હાજર હતાં. અહીં મૃતાત્માઓના કોઇ શબ્દ સંભળાયા નથી. માત્ર તીણીચીસોનું ધ્વનન થયું હતું. કચ્છના અતિ આકરા તાપમાં, મુક્તિ મહાદાનનો બીજો યજ્ઞ પૂર્ણ થયો. સહુ ભક્તોના ચહોરા પર ગ્લાનિ છે. કોઇ કોઇની સાથે

બોલી શકતું નથી. કાશ! અશ્રુઓ હ્દયના ભારને હળવો કરી શકયાં હોત પૂજ્યશ્રીના સાનિધ્યમાં આવા પ્રકોપને નિહાળીને આધ્યાત્મતામાં આગળ વધવાનો સહુ મનોમન સંકલ્પ કરે છે અને પૂજ્યશ્રીના સંરક્ષણથી ગૌરવ અનુભવે છે.

અહીં નજીકમાં દાનાભાઇની વાડીમાં સહુએ સવારનું ભોજન લીધું. હાથમાં અન્ન અને મનના પડદે કરૂણ દૃષ્યો. કેટલી ઝડપથી ભોજન પતી ગયું તેનો કાંઇ અણસાર આવ્યો નથી.

હવે શાંતિયાત્રાની સવારી ભૂજ તરફ આગળ વધી. સખત તાપથી પરેશાન સહુ વારંવાર પાણી માંગે છે. ભૂજમાં એ જ સિલ્વર પાર્ક જ્યાં ભૂકંપ નિવારણ વિધિ સંપન્ન થઇ હતી ત્યાં શાંતિ-મુક્તિ વિધિ કરવાની હતી. ખુલ્લું મેદાન. ન કોઇ વૃક્ષ. અગન તાપમાં કાર્ય નિષ્ઠાવાન પૂજ્યશ્રીની ધ્યેયનિષ્ઠા. અહીં બપોરે ૩-૨૬ વાગે વિધિની શરૂઆત થઇ. ત્રણ અગરબત્તી પ્રગટાવી પ્રાર્થના. જળના ત્રણ વર્તુળ અને કાળા તલનું અભ્યુક્ષણ. પૂજ્યશ્રીની ખૂમારી, શ્રધ્ધા અને આદેશપાલન સંસ્કારને અમારાં સાષ્ટાંગ પ્રણામ. અહીં ૭૮ વખત અભ્યુક્ષણ અને ૭૨ પગલાનું પુનરાગમન. પૂજ્યશ્રીના કાનમાં સંકેત થયો કે **૬૨૬૮** મૃતાત્માઓને મુક્તિ મળી.

આજની શાંતિયાત્રામાં કુલ ૨૩૧૫૩ મૃતાત્માઓને શાંતિ-મુક્તિ પૂજ્યશ્રીના કરકમળો દ્વારા પ્રાપ્ત થઇ.

પૂજ્યશ્રી જ્યારે પાછા આવી રહ્યાં હતાં ત્યારે ખભો થાબડવાનો તેમને અહેસાસ થયો. પૂજ્ય માતાજીના તેમના બાળ દ્વારા થયેલ દુર્ઘટ કાર્યપૂર્ણતાની શાબાશીનો એ અવાજ હતો. હવે પૂજ્યશ્રી પ્રફુલ્લિત છે.

અહીંથી બધા શ્રી પરમારને નિવાસસ્થાને પહોંચ્યા ત્યાં બધાએ આરામ કર્યો પણ પૂજ્યશ્રીને આરામ કેવો? થોડીક જ વારમાં કેટલાય ભક્તો દર્શન માટે આવી ગયાં. બધાને સમાવવા પણ શક્ય નહોતું. મોટી સંખ્યામાં ત્યાંનો પોલીસ પરિવાર આવી પહોંચ્યો હતો. કેટલાકે પાદપૂજન મહેચ્છા પ્રગટ કરી. ભક્તવત્સલ પૂજ્યશ્રીની અનુમતિ મળતાં આનંદ આનંદ વ્યાપી ગયો. તરત જ તૈયારીઓ શરૂ. અને થોડીક વારમાં જ પૂજ્યશ્રીના પાદપૂજનનો કાર્યક્રમ શરૂ થયો. ગુરૂપૂર્ણિમાએ અમદાવાદ ન આવી શકનારા ભક્તો માટે તો અનેરો ઉત્સાહ પ્રસંગ હતો. પ્રથમ શ્રી હરિસિંહભાઇએ સપત્નીક પૂજા કરી. પછી બધા ભક્તોએ. છેલ્લે તો સાથે આવેલ ભક્તોએ પણ લાભ લીધો.

હવે પૂજ્યશ્રીના ચરણકમળો પર અક્ષતનો અભિષેક કરવામાં આવ્યો અને પછી બન્ને ચરણાપાનીઓને કંકુવર્ણી કરી ચાર વખત પાદ્ચિન્હ લેવાયાં. પરમાર સાહેબ આવી સુંદર સેવાના અધિકારી બન્યાં તે સદ્નસીબ, બાકી કુટીરમાં પણ પાદ્ચિન્હ પ્રતીક પ્રાપ્ત થયાં નથી. હવે પૂ. બ્હેનજીએ ઉપસ્થિત ભક્તોને પૂજ્યશ્રીના સેવાયજ્ઞની અને આજના કાર્યના દૃષ્ટિબિંદુઓ સમજાવ્યાં. કોઇપણ સંત દ્વારા થતાં આવા સેવાયજ્ઞોની માહિતીથી સહુ અભિભૂત થયાં. અને મનોમન વંદન કરી રહ્યાં. હાજર સહુને આધ્યાત્મિક કેડી અને પરમશક્તિમંત્ર, માતાજીની છબી પ્રસાદરૂપે અપાયાં. પૂજ્યશ્રીએ સૌની અભિષ્ટ (મનગમતી) ઇચ્છાઓ પૂર્ણ થાય તેવાં આશીર્વાદ આપ્યાં.

સાંજે ૬-૦૦ વાગે પૂજ્યશ્રી બધાં ભક્તો સાથે હોનારતગ્રસ્ત, ભૂજના કેટલાક વિસ્તારોની મુલાકાતે નીકળ્યાં. દરબારગઢ, આશાપુરા માતાનું મંદિર, સોનીવાડ, પાળેશ્વર ચોક, સ્વામીનારાયણ મંદિર વગેરે વિસ્તારોમાં જાતે નિરીક્ષણ કર્યું. મકાનોના તુટેલા ભાગોથી અસ્તવ્યસ્ત રસ્તાઓ, ચલાય નહીં, પથ્થરો પરથી પસાર થવાનું. હમણાં મકાન પડી જશે તેવો ભય. ખૂણે ખાંચરે દબાયેલ માનવોની શાંતિ અને પીડીતોને આશ્વાસન. લગભગ ચારથી પાંચ કી.મી.નો પગપાળા પ્રવાસ. પગલે પગલે દૃષ્ટિમાન એમની સંવેદનાઓ. વખતોવખત નમન થઇ જાય. રસ્તામાં એક માતા મળી. પૂજ્યશ્રીને પ્રણામ કરીને આજે ૭૨ દિવસથી એના ખોવાયેલ બાળકને શોધી આપવા આજીજી. બાળકની બ્હેનનું કલ્પાંત. માતાની મનોદશા અને માતૃત્વને લાગેલું ગાંડપણ. કેટલાંય ભક્તો રડી પડ્યાં છે. પૂજ્યશ્રીએ આશ્વાસન આપ્યું છે કે હું પ્રયત્ન કરૂ છું. બાળકનું નામ લખી લેવા જણાવ્યું. 'તુષાર રમેશ જેઠાલાલ' એક મોટી ઉંમરના વૃધ્ધ માતા, લાઇટો વગર આટલા મોટા ખંડેર વિસ્તારમાં એકલવાયું જીવન જીવતાં હતાં. કેટલીક દુકાનોમાંથી વસ્તુઓ ચોરાઇ ગયાની ફરિયાદ.

પૂજ્યશ્રીના પગલે પગલે પાવન બનેલી ધરતી હવે શાંતિદાતા અને સમૃધ્ધિદાતા બને એજ પ્રાર્થના કરીએ.

હવે વિનવણી છે, પોલીસ ક્વાટર્સને પાવન કરવાની. ભક્તભયહારક અને ભક્તસંતાપવિનાશક પૂજ્યશ્રીએ સંમતિ આપી. આજે શારીરિક પરિશ્રમની સીમાઓ ઓળંગાઇ ગઇ છે. ભક્તો થાકી ગયાં છે પણ પૂજ્યશ્રીનું કોમળ ભક્તહૃદય પ્રફુલ્લિત છે. ત્યાં પણ સહુને આશીર્વાદ આપી નિર્ભયતાનું આશ્વાસન આપી, બધા શ્રી હરિસિંહ પરમારને નિવાસસ્થાને પધાર્યા છે. ગાયત્રી શક્તિપીઠ ભૂજના ટ્રસ્ટીઓ, ગાયત્રી શક્તિપીઠ માધાપરના ટ્રસ્ટીઓ અને ત્યાનાં આગેવાન વકીલ શ્રી ધોળકિયા, પૂજ્યશ્રીના આશીર્વાદ માટે હાજર છે. બધા સાથે થોડા સમય માટે સત્સંગ કરી, આશિષ આપી, પૂજ્યશ્રીએ અને ભક્તોએ સાંજનું ભોજન લીધું છે. ભક્તો માટે કચ્છનો પ્રચલિત ખારી ભાત, પુરી, કઢી અને દહીંનું ભોજન તૈયાર હતું. ભોજન લઇને સહુ, સત્વરે જવાની તૈયારીમાં છે. શારીરિક થાકથી સહુને સ્લીપર કોચમાં લંબાવી દેવાની ઉતાવળ છે પણ પૂજ્યશ્રીની વ્યસ્તતા ચાલુ જ છે.

આખરે ૯-૧૫ વાગે સહુએ વિદાય લીધી. શ્રી પરમાર પરિવાર, અને પોલીસ પરિવારના લગભગ ૫૦ થી વધારે ભક્તો હાથ જોડી નમ્ર ભાવે ક્ષમા યાચના સાથે વિદાયમાં ઉભા છે. પૂજ્યશ્રીના અથાગ સહયોગ, સહકાર અને નવા નવા આયોજનોમાં સંમતિથી, સહુ પ્રફુલ્લિત છે અને ગુરૂવંદના સાથે ખૂબ મોટા અવાજે ***'ગુરૂદેવની જય'*** પોકારે છે.

ફરીથી પરમશક્તિ મંત્ર અને પરમશક્તિની આરતીના સમૂહગાન પછી સૌને નિંદ્રાધીન થવાની સંમતિ અપાઇ છે. સવારના ૫-૪૫ વાગે બધા શ્રધ્ધાકુટીર પહોંચ્યા છે. ચોવીસ કલાકના પરિશ્રમ કરતાંય સહુ પ્રાર્થના કરે છે કે, હે માતાજી, હવે આવા પ્રકોપને ખામોશ કરી દેજો અને પૂજ્યશ્રીએ કહેલાં કદમની અમને સમજ આપજો. પૂજ્યશ્રીના દરેક કદમમાં હે માતાજી, અમને સાથે રાખજો. પૂજ્યશ્રીના ચરણમાં જ અમને શાંતિ અને માતાજીના ધ્યાનમાં મુક્તિ મળે એ જ અમારી સૌની પ્રાર્થના.

**ૐમાૐ**

# ૧૮ નીલોષા તીર્થ

*સતીષભાઇ ભટ્ટ* *તા. ૦૪-૦૯-૨૦૦૧*

**સાદર પ્રણામ :-**

- કરૂણા સાગર માં ગાયત્રીને આ પગથિયાં ચઢયે આજે ૨૨ વર્ષનાં વ્હાણાં વાયાં છે. આજથી ૨૩ માં વર્ષની શરૂઆત થઇ છે.
- શારીરિક, માનસિક અને આધ્યાત્મિક, આવાં સૌ ત્રસ્ત માનવીઓને તેણે વહાલાં દવલાં ગણીને દલાવ્યાં છે. ગળે લગાડ્યાં છે.
- પોતાના ચશ્મનૂર બાળ-રાજયોગીને નીલોષાનું આસન-શાસન સોંપીને મા પોતે નેતૃત્વ સંભાળી રહ્યાં છે. જય નરેન્દ્ર મા ગાયત્રી બાળ નમ:

**સૌ ભક્ત જનોના મુખેથી હવે તો આવા શબ્દો સરી પડે છે :-**

***"નીલોષા આવોને નવુ જીવન લઇ જાવ."***

**આટલુ કહીને, આજની મારી પ્રાર્થના આ પ્રમાણે છે.**

પહેલાં લોક નીલોષાની સીડીએ ચઢ્યા હશે
માત ચઢ્યાં, મોજડી ચુંકારનો વિકલ્પ નથી.
કાશીનો હોઇ શકે, કેદારનો હોઇ શકે
તીર્થરાજ નીલોષાનો કોઇ વિકલ્પ નથી.
પંચાંગે પોઢ્યા છે ત્રણસો પાંસઠ દિન
ચોથી સપ્ટેમ્બરનો કોઇ વિકલ્પ નથી.
ઉડીતો જુઓ જરા મસ્તીની પાંખ પર
અવધુતી સાતમી, આનંદનો વિકલ્પ નથી.
સૂર્યનો વિકલ્પ નથી, સત્યનો વિકલ્પ નથી
બાળ વંદે માત તણો કોઇ વિકલ્પ નથી.
**મેથીમાં માત છે, રાઇમાં રાજ છે**
**મેરા જીવન તણા જળનો વિકલ્પ નથી.**
તીર્થો તપાસી જુઓ, હિમગીરી માણી જુઓ
શ્રધ્ધામાં બેઠેલા ઇશનો વિકલ્પ નથી.
જરા જોડ જોડી જુઓ જનનીની જગમાં
કહે રાજ માત તણો ક્યાંય વિકલ્પ નથી.
ઉગી ભાણ આથમે, સુજ્ઞ સ્હેજ શોધી જુઓ
સતીશ રાજયોગી તણો કોઇ વિકલ્પ નથી.
દેવતો આધિન છે મંત્ર હોય કોઇ પણ
ૐ મા ૐ તણો તોય વિકલ્પ નથી.
રંગાયાં રંગમાં માત તણા સંગમાં
કહું, સા-હે-બ બેની ઉષાનો વિકલ્પ નથી.

સૂત્ર સ્હેજ ઘૂંટી જુઓ દિલ તણા ખલમાં
નવલો નવે નો રસ, ગુણનો વિકલ્પ નથી.
ગરવી માનવતાનું ગરવુ સ્વરૂપ છે
વ્રત-વેણી વાવી જુઓ શોધ્યો વિકલ્પ નથી.
પ્રગટાવો દીપ-વાટ, સ્વાહા ઉમંગથી
યજ્ઞ થાય ૐ મા ૐ નો વિકલ્પ નથી.
સંસાર સાગર નથી, સાર કે અસાર નથી
મળે માત્ આનંદ સાગર નો વિકલ્પ નથી.
પડઘાય છે ૐ મા ૐ ચારે કોરથી
રાજયોગી સેનાના શૌર્યનો વિકલ્પ નથી.
શીશ સ્હેજ નમી જુઓ પુનિત ચરણમાં
રાજ રાખ-રખોયાંનો કોઇ વિકલ્પ નથી.
રસ ઝરે, રંગ ભરે ડાંડિયે ડાંડિયે
માત સાથ ભાન ભુલ્યા રાજનો વિકલ્પ નથી.
બેઠો અવસરનો મોર આવીને ટોડલે
બાર સાખે બાંધ્યા તોરણનો વિકલ્પ નથી.
કહું, ગોવિંદ કે ગુરુ કહું તેમને
એકજ સરકાર મારા કોઇ વિકલ્પ નથી.
નથી ક્યારેય હું તો શબ્દોનો શહેનશાહ
દિલની ટપક તણો કોઇ વિકલ્પ નથી.
મુકી શરમ ખોલી નાખોને પોટલી
રાજ-રસ-તાંદુલ તણો વિકલ્પ નથી.
'આશિષ' તો આભલેથી ઉતરતો શ્વાસ છે
વહે રાજ હસ્ત થકી કોઇ વિકલ્પ નથી.
ઉગે ન ઉગે ભાણ કાલે કદાચતો!
મળી ઘડી રાજ સાથ તોય વિકલ્પ નથી.
માત-વીજ ઝબકારે પરોવીસોયને
ઉર તણા પાતાળે પૂગ્યા વિકલ્પ નથી.
કરી પ્રતિક્ષાની મૂડીને એકઠી
આંખના એ પલકારા તણો વિકલ્પ નથી.
ટપકે છે આંગળી ગુલાબી મ્હેંકથી
વાયુ મંડળે વાત પહોંચી વિકલ્પ નથી.
થરથરતી ધરતીને કામ લાગે કામળો?
દાબી અંગૂઠ આપી હૂંફનો વિકલ્પ નથી.
કાઢો, દટાઇ અમે આશાને એષણા
આપી વિકલ્પ પંથ દીધો વિકલ્પ નથી.

# સમાચાર

૧. તા. ૧૭-૧૦-૨૦૦૧ થી નવ દિવસની આસો નવરાત્રિ છે.
વિશિષ્ટ ઉપાસના કરતા ઉપાસકોને પૂજ્યશ્રી આશીર્વાદ પાઠવે છે.

૨. તા. ૧૬-૧૧-૨૦૦૧ શુક્રવારે નૂતન વર્ષ છે.
પૂજ્યશ્રીના દર્શનનો લાભ શ્રધ્ધાકૂટીરમાં સવારે ૯-૧ મળી શકશે.

## સેવા યજ્ઞ

| | *તારીખ* | *વાર* | *સમય* | *સરનામું* |
|---|---|---|---|---|
| (૧) | ૨૪-૧૧-૨૦૦૧ | શનિવાર | ૧૨-૪ | નૂતન ડાયર્સ હોલ, બોરીવલી, મુંબઇ. |
| | ૦૨-૦૩-૨૦૦૨ | શનિવાર | ૧૨-૪ | એલ.આઇ.સી. કોલોની, નેસ્ટ રેસ્ટોરન્ટ પાસે, મંડપેશ્વર રોડ, બોરીવલી, મુંબઇ. |
| (૨) | ૨૫-૧૧-૨૦૦૧ | રવિવાર | ૧૨-૪ | લક્ષ્મી બાગ, ચર્ની રોડ, મુંબઇ. |
| | ૦૩-૦૩-૨૦૦૨ | રવિવાર | ૧૨-૪ | ,, ,, ,, |
| (૩) | ૨૭-૧૧-૨૦૦૧ | મંગળવાર | ૧૨-૪ | વજુભાઇ ગગલાણી, ઇતવારી કો.ઓ.હા.સોસાયટી, પોસ્ટ ઓફિસની બાજુમાં, નાગપુર. |

## નીલોષા અમદાવાદમાં કાર્યયજ્ઞ બંધ

૪. તા. ૧૦-૧૧-૨૦૦૧ થી ૨૩-૦૧-૨૦૦૨ સુધી.
તા. ૦૪-૦૩-૨૦૦૨

## નીલોષા અમદાવાદમાં કાર્યયજ્ઞ ચાલુ

૫. તા. ૨૪-૦૧-૨૦૦૨ થી ૨૮-૦૨-૨૦૦૨
તા. ૦૫-૦૩-૨૦૦૨ થી

ૐમાૐ

# પૂજ્ય રાજયોગી નરેન્દ્રજીનો વિદેશનો કાર્યક્રમ

## ઈંગ્લેન્ડ

| તારીખ | વાર | સમય | સ્થળ | આયોજક | ટેલીફોન |
|---|---|---|---|---|---|
| ૧૫-૧૨-૦૧ | શનિવાર સાંજે | ૩ થી ૬ | ઓલ્ફીન સ્ટ્રીટ, | પ્રદીપ વડેરા | ૦૧૧૬૨૩૫૪૬૧૧ |
| ૧૬-૧૨-૦૧ | રવિવાર સાંજે | ૩ થી ૬ | લેસ્ટર. | પ્રદીપ વડેરા | ૦૧૧૬૨૩૫૪૬૧૧ |
| ૦૫-૦૧-૦૨ | શનિવાર સાંજે | ૩ થી ૬ | વેમ્બલી લંડન | અમરતભાઈ પોપટ | ૦૨૦૮૯૦૨૩૦૨૯ |
| ૦૬-૦૧-૦૨ | રવિવાર સાંજે | ૩ થી ૬ | વેમ્બલી લંડન | અમરતભાઈ પોપટ | ૦૨૦૮૯૦૨૩૦૨૯ |

## અમેરિકા

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૨૨-૧૨-૦૧ | શનિવાર | સાંજે | ૩ થી ૬ | યુનીયન | રતિલાલ મીસ્ત્રી | ૨૦૧૮૬૫૭૨૮૨ |
| ૨૩-૧૨-૦૧ | રવિવાર | સાંજે | ૩ થી ૬ | સીટીન્યુજર્સી | રતિલાલ મીસ્ત્રી | ૨૦૧૮૬૫૭૨૮૨ |
| ૨૪-૧૨-૦૧ | સોમવાર | — | —— | બારીડજ | શીલુભાઈ અગ્રવાલ | ૬૩૦૪૫૫૯૦૨૯ |
| ૨૫-૧૨-૦૧ | મંગળવાર | | | ઇલીનોઇસ | શીલુભાઈ અગ્રવાલ | ૬૩૦૪૫૫૯૦૨૯ |
| ૨૬-૧૨-૦૧ | બુધવાર | | | શીકાગો | શીલુભાઈ અગ્રવાલ | ૬૩૦૪૫૫૯૦૨૯ |



## નૂતનવર્ષાભિનંદન

**આપણા જીવનનો વિકાસ**
**આપણા જ હાથમાં છે. પુરૂષાર્થ કરીએ,**
**પરમનો સાથ નિભાવીએ અને પરમની કૃપા પ્રસાદીના**
**અધિકારી બનીએ.**
**પુરૂષાર્થીઓને મારા આશીર્વાદ**
**ૐમાૐ**